॥ ॐ तत्सत्परमात्मनेनमः ॥

॥ अथ सद्विचार सुबोध ॥

અથવા

(નીતીબોધ પત્ર.)

લેખક,
દ્વિવેદી મણીશંકર ભાઇશંકર શર્મા.
ગામ વરમોર.
પોષ્ટ માંડલ. તા. વીરમગામ.

પ્રકાશક.
ઠક્કર દોસારામ રામજી.
મુ૦ સમી. (તાબે રાધનપુર.)

આવૃત્તી ૧ લી. પ્રત ૩૦૦.
સં. ૧૯૫૫ સને ૧૮૯૯.

અમદાવાદ—પીરમશા રોડ ઉપર ધી નિર્ણય પ્રિન્ટિંગ પ્રેસમાં, લલ્લુભાઇ પ્રેમચંદભાઇ ત્રિવેદીએ છાપ્યું.
કિંમત ૦-૩-૦

॥ तत्सत्परमात्मने नमः ॥

॥ अथ श्री नितीबोध पत्र. ॥

સ્તુતિ–રાગ દોહરો.

ગવરીનંદ ગણેશને, પરથમ લાગું પાય;
સ્મર્ણ કરે સુખ ઊપજે, વિઘ્ન દૂર પળાય. ૧
સિદ્ધિ બુદ્ધિનો સ્વામી તે, લક્ષ લાભનો તાત;
પુજું પરથમ પ્રેમથી, ષડાનનનો ભ્રાત. ૨
કુળદેવ ગુરૂ ઇષ્ટને, પ્રીતે લાગું પાય;
અદ્વિચાર નીતી બોધ સુણે, ગ્રંથ મનોહર થાય. ૩

છપ્પા.

ગૌર અંગ શશિ સૂર્ય સમોવડ સુંદીર બાળી,
પદ્માસન પરમેશ્વરી દ્રઢ આસનવાળી;
માજી જગતની માંય, સર્વને અંતર વ્યાપ્યાં,
પૂજું પ્રેમે પાય અભયવર[1] તેણે આપ્યાં.

---

૧ અભયવર તે વિદ્યા અથવા વાચા માતાજીએ આપી.

વીણાં પુસ્તક કર વિશે, સ્ફટીક માળ કંકણ ધરે;
મણીલાલ માજી ચરણ, વારંવાર વંદન કરે. ૧
બ્રહ્મણીત ગુણ અપાર, માત મંશાયા મોટી;
આપ તણે પરતાપ, કવિજન કહાવ્યા કોટી,
સુતનિતને ગુણ સર્વ, મળે કુળ ઉજવળ નારી,
તુઠે અંબે માત જુમ, જશ વધે ચારી.
દેત રીઝે સેવા થકી, સહેજે દુઃખ સઘળાં ટળે;
મણીલાલ માજી ચરણ, વાંછિત મન માગ્યાં મળે. ૨
શરદ પુનમ શશી સમ, સમોવડ વદન પ્રકાશે;
બાળી બહુચર માત, ચોક ગુંવાળ નીવાસે.
કીધી કેસરી આડય, સુંદરી ઓઢી રૂપાળી;
પગમાં નેપુર નાદ, નાકમાં પેરી વાળી,
કંકણ (ને) આયુધ કર ધર્યાં, ખડગ ત્રીશુળ સોહામણાં;
નારીનો એક નર કર્યો, ટાળ્યાં દુઃખ દીજે તણાં. ૩
અંબે આરાસુર ગોખ, ગુણવંતાં ગાજે;
મહાકાળી મંશાય, ભવાં પાવાગઢ રાજે,
ઉંઝે ઉમીયા માત, નામ તેનુંજ ધરાવ્યું;
પુજે પાટીદાર, ધામ તે ઠીક ઠરાવ્યું.
અનેક રૂપ અવની વિશે, ભક્ત કાજ ભાવે ધરી;
મણીલાલ જય જય કહે, ગોરી ઉમાશંકરી. ૪

છપ્પો.

એક મંડળની માંય, માજી વાસ તમારો;
સેવક ધરે જય ધ્યાન, વાસ જગમાંય પધારો.
બાહ્યાભ્યંતર માંય, રમાં છો ઠીક ઠરીને;

દીજ હૃદય પરકાશ, રૂપ તે જ્યોત કરીને.
છંદ અક્ષર ચોવીશ તે, માજી ચરણ મુજ મન રહે;
વેદ મંત્ર વીખ્યાત તે, મણીશંકર મુખથી કહે. ૫

આદી દેવ એવા જે ભગવાન વિષ્ણુ તેમણે પુર્વકલ્પ કાળમાં સૃષ્ટી સંહાર કરી મહા જળને વિશે શયન કરેલું તેમનું નામ વેદ નારાયણ કહેવામાં આવે છે, તે નારાયણની નાભીમાંથી સહસ્ત્રદળ પાંખડીવાળું કમળ જળથી બહાર આવી પ્રકાશમાન થયેલું તે કમળમાં જગતના પિતા એવા જે બ્રહ્મા પ્રગટ થયા. તેમણે સૃષ્ટીના નિવાસ રૂપ એવાં ચૌદ બ્રહ્માંડ રચ્યાં છે. તેમાં મુખ્યત્વે કરી ત્રણ લોકની ગણત્રી ગણવામાં આવે છે. તે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ એવા નામથી પ્રસિદ્ધ છે. તેમજ સ્વર્ગને વિશે દેવતાઓ તથા પુન્યવાન પુરૂષોનો નિવાસ કહેલો છે. અને પાતાળને વિશે નાગ તથા અસુર લોકોને રહેવાનું કર્યું છે. વળી મૃત્યુલોક જે આ પૃથ્વી તેને વિષે મનુષ્ય તથા ઝાડ, પહાડ, પશુ, પક્ષી વિગેરે ચોરાસી લાખ યોનીના જીવોને પોતાના કરેલા કર્મોવડે કરી ઉત્તમ મધ્યમ કે કનીષ્ટ જાતીમાં અવતાર પામી આ મનુષ્ય લોકમાં રહેવા નિરમાણ કર્યું છે. વળી ચોરાસી લાખ યોનીમાં મનુષ્ય દેહ ઊત્તમ ગણાય છે. તથા દેવતાઓને પણ દુરલભ એવો આ પૃથ્વીને વિષે મનુષ્ય દેહ મળ્યો છે તેને અહો ધન્ય છે. કારણ કે સ્વર્ગ અને પાતાળ કરતાં પણ મૃત્યુલોક જે પૃથ્વી તે ઉત્તમ ગણાય છે. કે જેને કર્મભુમી કહેવામાં આવે છે વળી પૃથ્વીનો વિસ્તાર પચાસ કોટ જોજન કહેલો છે, અને તેના સાત દ્વીપ ને નવ ખંડની રીતી પ્રમાણે ભાગ કરેલા છે. તે જંબુદ્વીપની અંદર ગણાતો એવો

આ ભરતખંડ (કર્મભુમી) ઉત્તમ ગણાય છે. કારણ કે જેના વિષે ઘણાંએક ઉત્તમ તિર્થો રહેલાં છે. તે તિર્થોનાં નામ આપી નીચે સંક્ષેપથી ગણના કરવામાં આવે છે.

ચોપાઈ. (આ દોહા ચોપાઇ ભારતના રાગે ચાલશે.)

પુણ્યવંતી દિશા પૂર્વ વાટે, ત્યાં છે ઉત્તમ તિર્થનો ઘાટે;
એતો જક્તના નાથ કહેવાય, ભાગ્ય હોય તો દરશન થાય. ૧
ચાલીપાક રૂડો રંધાય, નાથને થાળ તેનો ધરાય;
થાળ નાથનો પ્રસાદ જેહ, પંક્તી એક જમે સહુ તેહ. ૨
ઉત્તમ ઉત્તર દિશા માંય, વસે હીમગિરી તે જ્યાંય;
નરનારાયણ વસે તે ઠામ, તેનું બદ્રીકા આશ્રમ નામ. ૩
કેદાર જ્યોતીરૂપ જ્યાંએ, વહે ગંગા તે ગીરી માંએ;
જે કોઈ હાડ હીમાળે ગાળે, તેનું જન્મ મરણ તે ટાળે. ૪
જુવો દક્ષીણ દિશા માંય, સુભ સાગર ત્રટ છે જ્યાંય;
શ્વેતબંધુ બીરાજે તે ઠાર, દુઃખ ભક્ત તણાં હરનાર. ૫
લંકાપતિ રાવણ જેહ, હરી ગયો સીતાજી તેહ;
ત્યારે રામ તે વારે ધાયા, પોતે સાગર ત્રટે આયા. ૬
સેતુ બાંધવા સાગર તીર, ઇષ્ટ આરાધ્યા રઘુવિર;
ત્યારે પ્રગટ્યા જ્યોતીરૂપ, ઉમીઆનાથ ભોળો ભુપ. ૭
જઇ ગંગા જળ કોઇ લાવે, શ્વેતબંધુ શીર ચડાવે;
તેને વૈભવ માગ્યો મળશે, અંતે જન્મ મરણ તે ટળશે. ૮

દોહરો.

પશ્ચીમ દિશાએ પેખીએ, સાગર કેરે તીર;
પુરી દ્વારકાં દેશમાં, રાય રણછોડ રણધીર. ૧

રણછોડ કૃષ્ણથી કૃષ્ણ કહાવે, વસ્યા સમુદ્ર માંય;
વહે સરીતા ગોમતી, (ત્યાં) તે ઉત્તમ તીરથ આંય. ૨
પાંડુ પુત્રની વારે ધાયા, સુણ્યો દ્રુપતિ પોકાર;
લાખાગ્રહથી ઉગારીયા, ચીર પુર્યાં નીરધાર. ૩
પ્રેમ ભક્તિથી ભજે તેહને, ચીત રાખે તેને થણું;
ભક્તિ કરે નર મુક્તિ પામે, સહાય કરે અસરણા સણું. ૪
અન્ય તિર્થ અનેક છે, જુદાં ધામ ને નામ;
પ્રભાસપાટણ સોમેશ્વર છે, દક્ષણ ત્રયંબક ધામ. ૫
અયોધ્યાપુરી ઉત્તમ કહી, સરયુ સરીતા તીર;
ત્રેતાજુગમાં ત્યાં બીરાજ્યા, રામ લક્ષમણ રણધીર. ૬
તીર નર્મદા ગંભીર ગાજે, ત્યાં વસીયા ભોળા ભુપ;
કંકર શંકર ત્યાં કહેવાયા, શુભ પાણેશ્વર રૂપ. ૭
વૃંદાવનને ગોકુળ મથુરાં, જુમનાં સરીતા જ્યાંય;
બાળા વયમાં કૃષ્ણ કોડીલે, લીલા કરી છે ત્યાંય. ૮
પ્રયાગ વળતી પેખીએ, મુક્તિનું એ ધામ;
ત્રિવેણી સરીતા ત્યાં વહે, વેણી માધવ શુભ નામ. ૯
કાયા પાડે જે ત્યાં જઈને, ધરી ઇચ્છા મન માંય;
પ્રભુ પોઢયા વડ પાંદડે, આપે [1]મુક્તિ ત્યાંય. ૧૦

ચોપાઈ.

(કાશી તથા ગયા મહાતમ વિશેષ જાણવા જીજ્ઞાસા હોય તેણે શિવ પુરાણમાં જોઈ લેવું.)

---

૧ મુક્તિ એટલે ધર્મ અર્થ ને કામ તે ત્રણ પદારથ પ્રયાગમાં મરનાર માણસને મળે છે.

મુક્તિપુરી કાશીનું નામ, વિશ્વનાથ ભોળાનું ધામ;
વહે ભગીરથી રૂપાળી, સ્નાન કરે પાતક નાંખે બાળી. ૧
ચાર પદારથ ત્યાં મળે, વિશ્વનાથનુ વચન પળે:
મુક્તિ જે જન લેવા ચહાયા, ત્યા જઇને પાડે તે કાયા. ૨
દરશન કરવાની ઇચ્છા થાય, એવ કાયા કદી પડી જાય;
વિશ્વનાથ તરફ રહે મન, (તો) બીજે જન્મે પામે દરશન. ૩

દોહરો.

શુણુત્રતુ તિર્થ થયા તણું, પીતુ શ્રાદ્ધનુ ધામ,
ગુમ વહે છે ત્યા સરીતા, કુલકા જેનુ નામ. ૧
રામ લક્ષમણ સીતા સહીતે, વસ્યાં સરીતા તીર
સામગ્રી સીધા તણી, લેવા ગયા બે વીર. ૨
સમય થયો ત્યાં શ્રાદ્ધનો, તોય ન આવ્યા રામ,
શ્રાદ્ધ કર્યું સીતાજીએ, પીંડ મુકયા તે ઠામ. ૩
સાખી રાખ્યા જણ ચારને, શ્રાદ્ધ પૂર્ણ કીધ;
પીંડ મુકયા જે જળ વીષે, હાથો હાથ તે લીધ. ૪
શુદ્ધ મને જો કરે તીર્થ, તો પહોંચે મનના કોડ;
શ્રોતા વક્તા બોલજો, સૌ જય જય શ્રી રઘુછોડ. ૫

સંપતીવાન પુરૂષોએ ઉપર દરશાવેલાં એવાં ઉત્તમ તીર્થોનું સેવન કરવું એટલે તીર્થ યાત્રાઓ કરવી તે યોગ્ય છે. તથા સંપતી મુક્ત નિવૃત્તિ પુરૂષને જો હોય તો કાશીમાં નિવાસ કરવો તે યોગ્ય છે. એવું ધર્મશાસ્ત્ર કહે છે તે વિષે.

છપ્પા.

ધન્ય મનુષ્ય અવતાર કાસીએ વાસ કરે તો,
વ્યોમ[૧] બાણુ[૪૦] વિશ એક પેઢીઓ તેની તરેતો;

પ્રાન્તે થાવે પાપ કાર્ય મનવાંચ્છીત ગળશે.
વિશ્વનાથને સરણુ મરણુને જન્મજ ટળશે.
ભાગીરથી જળ ભાગ્યમાં, મરનાને આવી ગળે;
મણીલાલ કહે પરલોકમાં, અસદગતી એની ટળે. ૧
ધન્ય ગંગાનું જળ શીવજી શીર ધરે છે,
ગંગાજીમાં નહાય પાપ તો દુર કરે છે;
કોઇ માણુસનું હાડ લેઇ ગંગામાં નાખે;
સ્વર્ગે મળશે સુખ શાસ્ત્રમાં એવું ભાખે.
પાપ થકી પાવન કરે, દેહ દુઃખડાં વાગસો,
મણીલાલ કહે જેને મન ગમે, પાસ કાસીએ જઇ વસો, ૨

વળી મનુષ્યદેહનું સાર્થક પણ એજ છે કે તીર્થ દાન તથા સંત મહાત્માની સેવા તથા યગ્ન અને પુરતાદીક કર્મ તે કુવો તળાવ, વાવ ખોદાવવાં ને બંધાવવાં તેમજ યગ્નાદીક કરવાં તેજ સંપતી મળ્યાનું સાર્થક છે, કારણકે કરેલાં સુકૃતો પોતાની સાથે આવે છે. વળી પુર્વના પુન્યથી સંપતી મળ્યા છતાં દાન, પુણ્ય, તીર્થ વિગેરે કાંઇ પણ પરમાર્થ કરે નહી તો મળેલી સંપતી એટલે પૈસા અંતે પારકા હાથે જાય છે. અને પોતાના હાથે કરેલાં પાપ કર્મો તે પોતાની સાથે આવે છે. એવું નિતીશાસ્ત્ર કહે છે તે વિશે.

છપ્પા.

નિતી વીનાનો જંન દીવસ થોડા મહીં જાશે,
ધન છતાં જો ધર્મ કરે નહીં તો ધુળ થાશે;
પ્રીત થકી જે વિત મેળવ્યું છે નીજ કરથી,
તીરથ પતને દાન કર્યું નહીં જો આદરથી;

સોમ મયો ધન સંચતા, પાપ શીર પોતે લશું,
મણીલાલ કહે ધન સોમનું, અંતે તે પર કર ગયું. ૩
દીધાં પુર્વે દાન કર્મ તપ તેનાં ફળીઆં,
રાજ રીદ્ધ ઘર સુત્ર જુવો જન તેને મળીયાં;
નહીં પ્રીતે પરમાર્થ કરે નહીં ખાંહે ખાસે (નહી),
ફોગટ ફેરો ખાઇ જગતમાં તે નર જાશે;
પાપ પુણ્ય સંગે પળે પરલોક વિશે જે જ્યાં વસો,
મણીલાલ કહે આપ્યા વીના કહો કેમ કરી પામશો. ૪
ધન્ય મનુષ્ય અવતાર પામીઆ જે કોઇ આંહી,
ધન્ય મનુષ્ય અવતાર શુંભી ભરતખંડની માંહી;
વળી ઉત્તમ કુળ અવતાર પામીઆ સંપત સારી,
યજ્ઞ તીરથ વ્રત દાન કરો મન પ્રેમજ ધારી;
માન મળે આ જક્તમાં પરલોક વિશે સુખ પામશો,
મણીલાલ કહે નિરકામથી, ભવ ચોરાસી વાંમશો. ૫

તથા કરેલાં સુકૃતો કદાપી કાળે નીરર્થક જતાં નથી એટલે કે તીર્થ વિગેરે કરવાથી આ લોકમાં માન મળે છે, અને કરનાર માણસે નિરકામપણેથી કરેલાં હશે તો જ્ઞાન અને ભક્તિના મોટા સાધન રૂપ થઇ અંતે મોક્ષધામ આપે છે.

હવે તીર્થ, દાન, કે યજ્ઞ કરવાં તે સંપતીનું કારણ રહેલું છે.

દ્વિજ ધર્મોપદેશ વિશે વિવેચન.

પણ ધર્મ કાંમમાં પોતાનાથી બનતી અંગ મહેનતની મદદ કરવી ને હૃદયમાં દયા રાખવી તથા આંખળા લેધીને પણ પુણ્ય કરવું તેમાં પૈસા બેસતા નથી, વળી સર્વ વસ્તુઓમાં ઉત્તમ એવા જે

બ્રાહ્મણો તેમને પણ તીર્થાદી વીગેરે કરવાનું ધર્મશાસ્ત્ર કહે છે, અને વિશેષે કરી બ્રાહ્મણને જગન્નાથ સ્વામીનાં દરશન કરવાં તે યોગ્ય છે. તે વિશે ઇતીહાસીક પ્રસીદ્ધ દાખલો કહેવામાં આવે છે. તો સંપતીવાન દ્વીજે અવશ્ય જગન્નાથ સ્વામીનાં દરશન કરવા જવું તે યોગ્ય છે. તેમજ દ્વિજ જનોને માન આપતા એવા સૂર્યનારાયણ વિશેનો બીજો પણ દાખલો કહેવામાં આવે છે. તે એવો કે જેવી રીતે જગન્નાથ સ્વામીને ત્યાં નોબત વાગે છે તેવીજ રીતે સૂર્યમંડળમાં નોબત વાગે છે. તેથી સૂર્યનારાયણ એમ વિચાર કરે છે કે બ્રાહ્મણનો બાળક જન્મ્યો છે તે આઠ વર્ષની ઉમરે થતાં ઉપવીત (આદી) સંસ્કારને પામી સંધ્યાદીક કર્મનો ઉપાશિક થશે અને પોતાના (એટલે દ્વીજપણાના અધીકારવાળાના) ઉપર ત્રણસો ગાયત્રીના જપનું દેવું રહે છે તે નિવૃત્ત કરશે. તથા સંધ્યાગંભુત ત્રણ અર્ઘ મને અરપણ કરી પ્રાતઃ ને સાયંકાળે મારી પાસે વેદનું અધ્યયન કરવા આવતા અસુરોને હણશે એવી સૂર્ય સરખા દેવ પણ જેની મદદ માગે છે, માટે ઉપર કહેવા પ્રમાણે શ્રેષ્ટપણાને પામેલા એવા દ્વીજજનોએ સંધ્યાદીક કર્મ કરવાં તે યોગ્ય છે. વળી દ્વીજજનોનાં અંતઃકરણ સંધ્યાદીક કર્મ કરવાથી શુદ્ધ થાય છે અને બીજા લોકોને દાન પુણ્ય વિગેરે ઇષ્ટને પુરતાદી કર્મ કરવાં પડે છે. વળી કહ્યું છે કે:—

जन्मनाजायते शुद्र संस्कारो द्विज उच्यते।
वेदाध्ययेन ब्रम्हज्ञात्वा इति ब्राह्मणाः ॥ १ ॥

જન્મથી તો શુદ્ર જેવો તે ઉપવીત એટલે જનોઇ વિગેરે સંસ્કારને પામવાથી દ્વીજપણાને પામ્યો અને દ્વીજ થએલો એવો તેને વેદ પઠણ કરવાનો અધીકાર છે. વળી વેદનું અધ્યયન કરવાથી

તેને સત્ય વસ્તુની જાણ થાય છે, અથવા વૈદીક કર્મ જે સંધ્યાદી કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને અંતઃકરણ શુદ્ધ થવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે બ્રાહ્મણ કહેવાય છે માટે બ્રાહ્મણનું મુખ્ય કર્મ સંધ્યા છે તે સંધ્યા અવશ્યે આરમ્ભ કરવી જોઇએ. તેનુ ધર્મશાસ્ત્ર કહે છે. વળી સંધ્યાની આજ્ઞા છતાં પણ કરે નહી તેને દોષ લાગે છે. (તે વિષે શ્લોક)

संध्याकाले तु संप्राप्ते संध्या नैव मुपासते ।
जीवमानो भवेच्छूद्र मृतः श्वावेव प्रजायते ॥ २ ॥

વળી બ્રાહ્મણનું મૂળ સંધ્યા છે. તે સંધ્યાદી કર્મ કરવાથી વિપ્રરૂપી વૃક્ષની વૃદ્ધિ થાય છે તેનુ ધર્મ શાસ્ત્રમાં કહેલુ છે:—

विप्रो वृक्षोमूलकं तस्य संध्यावेद शाखा धर्म कर्माणी
पत्रं तस्मात्मूलं यत्नतो रक्षणी छिन्ने मूलेनैव वृक्षो न शाखा॥३॥

વિપ્રરૂપી એક વૃક્ષ છે તેનુ મુળ સંધ્યા છે તથા વેદનુ (પઠણ કરવા) રૂપ જેને શાખાઓ છે તેમજ સ્માર્ત ધર્મને (અનુસાર થતાં નાના પ્રકારના યજ્ઞને પુરતાદિક) કર્મ જેનાં પાદડાં રહેલાં છે, પણ યત્ન પુર્વક મુળનું રક્ષણ કરવુ કારણકે મુળનો નાશ થવાથી વૃક્ષનો નાશ થાય છે એટલે કે બ્રાહ્મણનું મુખ્ય કર્મ સંધ્યા છે તે સંધ્યાનો લોપ થયો તો પછે વેદનું અધ્યયન અને સંધ્યાથી આરંભી ષટ કર્મો તો કોણ કરશે તેમજ તેવી રીતે કર્મની હાની થઇ તો પછે બ્રાહ્મણપણું કેમ કરીને રહેશે તે વિચાર કરો વળી સંધ્યાદીક કર્મ કરવામાં દોકડા બેસતા નથી. પણ આળસ તજીને કરે તો થાય તથા આળસ કરવાથી સંધ્યા તો શું પણ બીજા ઘણા એક કામોમાં બગાડ થાય છે કહ્યું છે કે:—

आळसु कर्मनाशाय बुद्धि नाशाय निर्धनो भिक्षुकोमांन नाशाय कुलं नाशाय भोजने ॥ ४ ॥

આળસ કરવાથી કર્મ જે કાજ તેનો નાશ થાય છે તથા પડતી દશામાં બુદ્ધિનો નાશ થાય છે તેગજ ભીક્ષા ભિખારે માનના કરવાથી માન ઘટે છે. અને જેનું અનેતુ આદર વા અનાદરથી ખાનુ તેથી આલથી નીજકુળથી ભ્રષ્ટ થવાય છે. અથવા નીચ કુળમાં વળી જવાય છે માટે આળસ કરવા નહીં. વળી બ્રાહ્મણોએ પોતાનાં નિત્ય કર્મ કરવાં અને બીજાઓને યજ્ઞ વિગેરે કર્મ કરાવી શ્રેય આપવું તેરો બ્રાહ્મણનો ધર્મ છે તથા વેદનું પઠણ પાઠણ વિગેરે કર્મ કરવાના અધીકાર બ્રાહ્મણોનેજ આપેલો છે તથા સર્વ વર્ણમાં બ્રાહ્મણો ઉત્તમ છે માટે બ્રાહ્મણોનું અપમાન કેઇએ પણ કરવું નહી તેનું ધર્મશાસ્ત્રમાં કહેલું છે તે વિશે.

છપ્પા.

વિપ્ર છે વિષ્ણુ રૂપ શાસ્ત્ર ખટ માંહી ભાખે,
વિપ્ર વચન વિશ્વાસ દૃઢ મન જે કોય રાખે;
તીર્થ દાન સનમાન પ્રીતથી જે નર કરશે,
(તેને) સાનુકુળ રહે સર્વ દેવ કાર્ય મનવાંછીત કરશે;
કુળ વૃદ્ધિ કુશળ રહે પરલોક, (આ) લોક સુખ પામશે;
મણીલાલ કહે છે વીપ્રના વચન થકી દુઃખ વામશે. ૬
ભુમી તણા છે દેવ વાડવ કુળ વેદ ભણાએ,
કળીએ કીધો કોપ લોપ શ્રુતી કર્મ જણાએ;
વાડવનુ અપમાન કરે જે જન આ જગમાં,
કુળ ધર્મ તજી તેહ પાપની પેઠા વગમાં;

પરીક્ષતે ન્યાય વીચારીઓ ગુણુ એક કળી આગળે,
મણીલાલ કીજ વચનથી દાન કર્મ સહસ્રગણું ફળે. ૭

બ્રાહ્મણનો અનાદર થયા છતાં પણુ બ્રાહ્મણો માગવામાં કુશળ રહે છે તે કળીજુગનું વર્તમાન જણાવે છે કારણુ કે સત્ય ત્રેતા ને દ્વાપર વિગેરે જુગોમાં બ્રાહ્મણો યાચના કરતા નહી ને કરતા તેને માગ્યા પ્રમાણે લોકો આપતા હતા તો પણુ કરેલા દાનનું ફળ થોડું ને લાંબે કાળે મળતું હતું. અને આ કળીજુગમાં બ્રાહ્મણે સ્વસ્તી કહીને લીધેલું દાન તેનું એકથી સહસ્રગણું થઇ ફળ મળે છે તેવું શાસ્ત્ર વચન છે. (ભા. પ્રથમ સ્કંધમાં કળીજુગ ને પરીક્ષત રાજાના સંવાદ) માં જુવો. તથા રામાયણુ વીગેરેમાં કહેલું છે કે, ત્રણુ જુગમાં જે કરવાથી જે ફળ થતું તે ફળ આ કળીજુગમાં દાન દેવાથી મળશે તે વિષે.

છપ્પા.

સત્યજુગની માંય હરીનું ધ્યાનજ ધરતા,
કાયા વાચા મન ઇંદ્રીઓ વસ્ય તે કરતા;
પરમેશ્વર પરસન્ન થઇને દરશન દેતા,
નહિ દેષને કલેશ સુખ સહુ જગમાં લેતા;
એક લાખ આયુષ્ય તે પ્રાણુ હાડ સંગે ગયો,
મણીલાલ નિજ ધર્મથી, સત્યજુગ પુરણુ થયો. ૮
કરીને યજ્ઞ અનેક હરીને પરસન કરતા,
ત્રેતાજુગની માંય, વર મનવાંચ્છીત વરતા;
વિવીધ પરે પૂજન જુગ દ્વાપર આદરતા,
પ્રભુ થઇ પરસન્ન કાર્ય મનવાંચ્છીત કરતા,
મણીલાલ કહે કારણુ કશુ ટેક થકી ત્રીવિધ ટળે,

હરી સ્મરણું કળીજુગમાં કરવાથી સફળ મળે. ૯
ચાર જુગથી અધીક કળીને શાસ્ત્ર જાણે છે,
કળીજુગ અવગુણુ સહુએ અધીક ગુણુ એક ગણે છે;
રાખીને વિશ્વાસ દાન દ્વીજને કોઇ દેશે,
વચન પળે કળીજુગ સહસ્ત્રગણું ફળ તે લેશે;
જપ તપને વળી જોગ તે કરતા મન સ્થીર ના રહે,
દાન કરે કલ્યાણુ છે કળીજુગમાં નીતી કહે. ૧૦

ઉપર કહેવા પ્રમાણે કળીજુગમાં દાન કરવાથીજ કલ્યાણુ થાય છે અને દાન વિગેરે લેવાનું બ્રાહ્મણુ શિવાય બીજા કોઇને અધીકાર નથી એ વાંચન સાંભળવાથી બ્રાહ્મણોએ પણ કાંઇ અભીમાન કરવું નહિ કારણુ કે દાન વિગેરે લેવાનો જેવો નીશ્ચય કર્યો છે તેવો સંધ્યાદી કર્મ કરવાને માટે પણ નીયમ કરેલો છે. માટે બ્રાહ્મણોએ ત્રણ કાળની ન બને તો એક વખત પણ સંધ્યા કરવી તેમજ ત્રણસેં સાઠ ગાયત્રીના જપ કરવા વળી સંધ્યાદી કર્મ નહી કરવાથી દોશ લાગે છે. તે વિષે શ્રુતીનું પ્રમાણ:—

अकृत्वा वैदिक नित्यं प्रत्य वायी भवेन्नरः ॥

કહેતાં સંધ્યાદી કર્મ (તથા ગાયત્રી આદી જપ વીગેરે નિત્યકર્મ) નહી કરનાર દ્વીજને પાપરૂપી દોશ લાગે છે. શંકા દાન વિગેરે લઇએ નહી તો સંધ્યાદી કર્મ શા માટે કરવાં. ઉ. દાન લેવાનો બીજી જ્ઞાતીના લોકોને અધીકાર નથી માટે દાન લેવાં અને દાન વિગેરે લ્યો નહિ તો પણુ સ્વજાતી ધર્મને અનુસાર દ્વીજપણાને પામ્યા છે તેને સંધ્યાદીકર્મ અવશ્ય કરવાં તેવું શાસ્ત્ર વચન છે. શંકા—સંધ્યાદીકર્મ કરીએ છીએ તો ખરચો કેમ મળતો નથી. ઉ. સંધ્યાદીકર્મ તે નિત્યકર્મ છે. અને

સ્વજાતી ધર્મનાં કર્મ છે તેમાં પરચો શાનો જણાવે, ગાયત્રી આદી જપ કરી પરચો મેળવવા ઇચ્છા હોય તો તે દ્રઢ શ્રદ્ધા પુર્વક કર્મ કરો. કારણકે આ કળીજુગમાં જેવું કરે તેનું ફળ તેવું તરત મળે છે. પણ મુખ્ય કારણ એજ રહેલું છે કે શ્રદ્ધા વીના કાર્ય ફળીભુત થતું નથી. શંકા-કે દાન લેવાથી

दानेन नश्त दग्धं मुख दग्धं परान्नेच ॥

हृदय दग्धं रागद्वेशेन आत्मश्रय क्षयंभेतु ॥ ८ ॥

હાથ બળી જવા જેવા થઈ જાય છે અને પરાન્ન લેવું એટલે જમવા વિગેરેથી મુખ પણ દગ્ધ થઇ જાય છે તથા હ્રદય તે રાગ ને દ્વેષવાળાં હોવાથી પોતાના આત્માનું શ્રય કેમ કરી થાય (આ શંકા નીરમુળ છે) કે. જેવા પ્રકારનું દાન તેવુ તેના નીવારણને માટે શાસ્ત્રમાં ગાયત્રી જપ કરવાના કહેલા છે. અને છેવટે પરાન્ન સુધીના નીયમ કરેલા છે કે પરાન્નેષુ દશધા ગાયત્રી જપીત્વા. પારકે ઘેર જમવામાં આવે તો દશ ગાયત્રી જપવી તેમજ સામાન્ય રીતે નિત્ય લીધેલા દાનનું નીવારણ ન થાય એટલા માટે એકંદરે સુર્ય ઉગીને અસ્ત થતાં સુધીમાં મનુષ્યેને સાઠ ગાયત્રી જપ કરતા માટે એવો દ્રઢ નીયમ કરવામાં આવ્યો છે. સંધ્યાદીકર્મ કરવામાં આળશ કરવી નહી. શ્રુતી એટલે વેદ તે પણ કહે છે કે:-अहरहः संध्या मुपासीत: કહેતાં સંધ્યાદીકર્મ તો અહોનીશ કરો વળી કહ્યું છે કેઃ—

सर्व तीर्थ मयि गंगा सर्व देव मयोहरिः ॥

सर्व शास्त्रमयि गीता सर्व वेद मयोमनुः ॥ १ ॥

સ્પષ્ટાર્થ છે અને મનુ એ ગાયત્રી તે ગાયત્રી (મંત્ર ૧) તે ચાર વેદના સ્વરૂપ રૂપ છે. मंत्राणां मुख्य गायत्री: ॥

કહેતાં (વેદના) મંત્રોમાં મુખ્ય મંત્ર ગાયત્રી રહેલી છે તે ગાયત્રી મંત્ર બ્રાહ્મણોને જપવાનું કહ્યું છે અને તેજ ગાયત્રી ધર્મ અર્થ કામ ને મોક્ષરૂપી ચાર પદાર્થ આપનાર તથા બ્રહ્મ તેજની વૃદ્ધિ કરનાર બ્રાહ્મણોને ગાયત્રીજ રહેલી છે માટે બ્રાહ્મણોએ અન્ય દેવની ઉપાસના કરવી નહી, પણ ગાયત્રીનીજ ઉપાસના કરવી. ગાયત્રીના ૨૪ અક્ષર તે દેહના ચોવીશ તત્વોરૂપ દર્શાવી જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ તેનો અધિષ્ટાતા (તેને જાણનાર) ને વિશ્વ તૈજસ ને પ્રાજ્ઞ એવા નામથી જુદો જુદો ગણાતો એવો જે પ્રત્યક આત્મા તે એક છે. તેવું ગાયત્રી મંત્ર બોધ[1] કરે છે (તેવું ગાયત્રી ભાષ્યમાં શંકર ભગવાને કહેલું છે) માટે બ્રાહ્મણોએ સંધ્યા તથા ગાયત્રી જપ અવશ્યમેવ કરવું એજ શાસ્ત્રની આજ્ઞાને અમારી વિનંતી છે.

દાન તીર્થ ને યજ્ઞ વિગેરે ઇષ્ટને પુરતાદી કર્મ કરવા તે સંપત્તીનું તથા ઉદાર મનવાળાનું કામ છે. એટલે કે મન ઉદાર તથા સંપત્તી હોય તો ધન તીર્થ કે યજ્ઞ કરી શકાય છે. પણ સંધ્યાદી કર્મ તથા ગાયત્રી જપ કરવામાં દોકડા બેસતા નથી. માટે ઉપર પ્રમાણે વિચાર પુર્વક ધ્યાનમાં લઇને કરવું. કારણ કે ભરતખંડમાં મનુષ્ય જન્મ અને તેમાં વળી બ્રાહ્મણનો દેહ મળ્યો છે તો તે વડે કરી દાન, તીર્થ, યજ્ઞ તથા સંધ્યાદી કર્મ ને ગાયત્રી જપ કરવા તેજ મનુષ્ય દેહનું સાર્થક છે.

ઇતિ દ્વીજ નિત્યકર્મોપદેશ સમાપ્ત.

---

૧ વિશેષ જિજ્ઞાસા હોય તેણે ગાયત્રી ભાષ્ય જોઈ લેવું.

(પીંડ બ્રહ્માંડ વિષે વિવેચન.)

પ્રશ્ન—પીંડ તે શું ને બ્રહ્માંડ તે શું તથા જીવ ને ઇશ્વર તે જુદા કેમ કહેવાયા તેમજ શું કરવાથી જીવ થયો ને ઇશ્વિર તે કોને કહેવો. ઉત્તર—શાંતિ—બ્રહ્માંડની ઉત્તપતી બહુધા પ્રકારે કહેલી છે. તેમાંથી એક બે પ્રકાર કહી બતાવું છું કે જળમાં શયન કરતા એવા વિષ્ણુ ભગવાન તેમની નાભીમાંથી કમળ થયું ને તે કમળમાં જગતના પીતા બ્રહ્મા પ્રગટ થયા તેમણે સાત લોક ને સાત પતાળ મળી ચૌદ બ્રહ્માંડ રચ્યાં છે. (એવું પુરાણમાં કહેલું છે.) તથા બીજો પ્રકાર તે પુરૂષથી પ્રકૃતીથી ને તે પુરૂષ પ્રકૃતીથી મહાતત્વ તે મહાતત્વથી અહંકાર થયો તે અહંકારના ત્રણ ગુણ ને તે ત્રણ ગુણથી પાંચ ભુત થયાં તેમજ તે પંચભુતાત્મક સૃષ્ટી એટલે જગત રચાયેલું છે અને સ્વર્ગ મૃત્યુ ને પાતાળ વિગેરે નામ કહેવામાં આવે છે. તે પણ બ્રહ્માંડ કહેવાય છે તેવાં અનેક છે પણ શાસ્ત્ર વચનથી ચૌદ બ્રહ્માંડ કહેવામાં આવે છે તથા પીંડ તે આ દેહ અથવા શરીર સમજવું વળી પીંડ બ્રહ્માંડની એકતા એવી રીતે કહેલી છે કે જે વસ્તુથી પીંડ એટલે શરીર બન્યું છે તેજ વસ્તુથી બ્રહ્માંડને વિશે અનેક જીવો રહેલા છે. ને પીંડ જે શરીર તેને વિશે એક જીવ રહેલો છે. બ્રહ્માંડ તે સમગ્ર સૃષ્ટી તેનો નાશ લાંબે કાળે થાય છે અને પીંડ જે શરીર તેનો નાશ થોડા દીવસમાં થાય છે. તેમજ બ્રહ્માંડ જે સમગ્ર સૃષ્ટી તેનો જે અધીષ્ટાતા તેનું નામ ઇશ્વર કહેવાય છે અને દેહનો અધીષ્ટાતા જીવ કહેવાય છે. ફેર માત્ર એટલો છે. પરંતુ જ્ઞાનદષ્ટીથી જોનારને પીંડ બ્રહ્માંડ કે જીવ ઇશ્વર તેના વિષે કાંઇ ભેદ જોવામાં આવતો નથી. તેમજ જે દ્રશ્ય પદાર્થ છે તે સર્વે માયાનું કાર્ય છે. તથા જળ, તેજ, વાયુ, પૃથ્વી ને આકાશ

એ પંચભુત બહાર (જોવામાં આવે) છે તેવાં દેહમાં પણ છે. શરીરમાં પંચભુત તે ઘટરૂપે રહેલાં છે અને જીવાત્મા જે ચૈતન્ય તે આકાશરૂપે રહેલો છે. તે દેહનાં તત્વની સંખ્યા ૨૫-૨૭-૨૯ ને ૮૨ એમ પંચીકરણમાં જુદી જુદી પ્રક્રીયાઓ ગણતાં જુદી જુદી રીતી કહેલી છે. તેમજ વેદાંતના ગ્રંથમાં તેનુ વિશેષ વિવેચન કરેલું છે, પણ મુખ્ય સાંખ્ય શાસ્રને અનુસાર ૨૫) તત્વો મુખ્ય છે. તેમાં પાંચ કર્મ ઇંદ્રીઓ પાંચ જ્ઞાન ઇંદ્રીઓ પાંચ વિષય અને પંચ મહાભુત તથા ચાર અંતઃકરણ એ ચોવીસ થયા ને પચીશમો જીવ અથવા વાસનાલીંગ તે છવીશમી કહેવાય છે. એવાં પંચ મહાભુતથી બનેલો એવો આ દેહ તે ઝાડનાં સુકાં પાંદડાંના ઢગલા જેવો છે. અથવા કાચના શીશા જેવો છે. તેને કાળના ઝપાટારૂપી પવનનો ઝપાટો જ્યાં સુધી લાગ્યો નથી ત્યાં સુધી સ્થીર રહેલો છે પણ જ્યારે કાળ-રૂપી પવનનો ઝપાટો લાગશે તેજ વખતે તે પાંદડાંની પેઠે વિખરાઇ જશે. એટલે કે પંદરતત્વનુ સ્થુળ પડયું રહેશે તે પણ બાળી દેવામાં આવે છે, ને બાકીનાં તત્વો તેમાંથી કેટલાંક વાસનાલીંગ સાથે મળી જાય છે. અને પંચભુત તે પંચભુતમાં મળી જતાં આ દેહ પાંદડાંની માફક વિખરાઇ જાય છે, માટે દેહની મુમતા રાખવી નહી પણ જેમ બને તેમ પોતાના હાથે કાંઇક સુકીત કરી લેવું. એટલે કે દાન, તીર્થ કે ઇશ્વરભજન જે બને તે કરી લેવું. એજ મનુષ્ય દેહનું સાર્થક છે. ઇશ્વર તે શું ને શું કરવાથી ઇશ્વર કહેવાય છે (તે વિશે વિવેચન) દરેક જીવોનો અધીષ્ટાતા એટલે જીવોએ કરેલાં કર્મોને જાણનાર તથા તે કર્મને અનુસાર ફળ એટલે સુખ દુઃખ ઉચ્ચ નીચ યોનીમાં જન્મ તેમજ આયુ, આરોગ્ય, લક્ષ્મી, પુત્રપૌત્ર વિગેરે વૈભવ અને ભક્તિ તથા જ્ઞાન, વિવેક વિચાર સાથે વૈરાગ્ય વિગેરે જીવોને આપનાર તેનું

નામ ઇશ્વર કહેવામાં આવેછે. અથવા દૈવ કર્મ કે જાતી પણ તેનેજ કહે છે વળી કર્મનો સાક્ષી તે પણ ઇશ્વર કહેવાય છે તે ઇશ્વર દેહમાં રહેલો જીવ તેનાથી જુદો નથી પણ માયા જે અજ્ઞાન તેથી થએલી અહંતા ને મમતા તે અહંતા ને મમતાના પાસથી બંધાએલો જીવ તે ઇશ્વરથી જુદો ગણાય છે. અને તે જીવ આત્મા ચૈતન્ય સ્વયંપ્રકાશ પોતે છે તો પણ આશા ને તૃષ્ણાથી આ મારૂં ને મેં કર્યું એવી દૃઢ ભાવનાથી કરેલા કર્મમાં પોતે બંધાઇ રહે છે તથા સ્ત્રી પુત્રાદી મારાં છે. એવું નિશ્ચય કર્યું છે, તેથી ઇશ્વર જે પોતાનો અંશ પોતાનાથી મોટો છે તેને જાણી શકતો નથી. માટે જીવ કહેવાય છે અને મમતાથી બંધાઇ પાપ કર્મ તે પણ પોતાના હૃદયરૂપી પટારામાં રાખી રહેવાથી એટલે કે આશાને તૃષ્ણાથી બંધાઈ ચોરાસી લાખ યોનીમાં જન્મ મરણના ફેરા ખાધા કરે છે, વળી જ્યાં સુધી પોતાના હૃદયમાંથી આશા એટલે ઇચ્છા કે વાસના તે નષ્ટ થઇ નથી, ત્યાં સુધી માયારૂપી ચાકડો કર્મના વેગથી ફરતો બંધ રહેશે નહી. વળી કર્મ એટલે કામ તે કામ કર્યા વીના કોઇ પણ રહી શકતું નથી માટે જે કરવું તે વિચાર કરીને કરવું. સકામ કર્મ કરેલાનું ફળ સ્વર્ગ સુખ મળે છે અને નિસ્કામ કર્મ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. તથા અંતઃકરણ શુદ્ધ થવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે પણ વહેવારીથી નિસ્કામ કર્મ બની શકતાં નથી. માટે સકામ કર્મ કરવાં તે વહેવારીને યોગ્ય છે. વળી હૃદયમાં દયા રાખી સંત મહાત્માઓની સેવા કરવી તે ગ્રહસ્થાશ્રમીનો ધર્મ છે અને તેનુંજ નામ ભક્તિ કહેવાય છે. મન કહે તેં જે કહ્યું તેતો ઠીક પણ હું જે માચાં ને વહાલાં સગાં માનું છું તે સગાં મારાં છે કે નહી. શાંતિ કહે તું જે સગાં માને છે તે મા, બાપ, સ્ત્રી, પુત્ર વિગેરે નામથી પ્રસિદ્ધ છે. અને તે સગાં તે કહેવા માત્રનાં છે તથા

જરા માત્ર ખરાં પણ છે. કારણકે જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી તે સગાં ગણાય છે. પણ પોતાના કરેલા પુણ્ય વા પાપ કર્મમાં તે ભાગેદાર થતાં નથી. તે સગાં નથી એમ પણ માનવું નહી પણ માત્ર સમજવાનું એજ કે સ્ત્રી પુત્ર વીગેરે મારાં છે તેવી દ્દઢ ભાવનાથી સ્ત્રી પુત્રમાં આશક્ત થઇ જવું નહી તે વિશે વિચાર પુર્વક વર્તવું એટલે કે પોતાનું શ્રેય કેમ થશે તેનો વિચાર કરી દાન તીર્થે કે ઇશ્વર ભજન કરી લેવું. વાયદો કરવો નહી, તથા પુત્રાદી ને ધનાઢ્ય થવા માટે. પોતે ખાલી હાથે જવું નહી. કારણ કે પોતે રળીને મેળવી એકઠું કરી અંતે પારકા હાથે આપવું તેમ મુરખ માણસનું કામ છે પણ ડાહ્યા ને સજ્જન પુરૂષે તો પોતાનાથી બનતો કરેલો ઉદ્યમ તેમાંથી જે મળે તે યથાશક્તિ ધર્મ કામમાં વાપરવું એજ મનુષ્ય દેહનું સાર્થક છે.

જીવનાં સગાં અથવા તારાં સગાં કહું છું તે સાંભળ કે જીવાત્માના મોટા કારભારી તરીખે ગણાતા એવા ચાર અંતઃકર્ણોરૂપી તમો પ્રસિદ્ધ છો. તે ચાર મળી જીવાત્માનાં સર્વે કામ તમો કરો છો તમારા ચારમાં અહંકાર તે તમારો ઉપરી કહેવાય છે. (મન બુદ્ધિ ને ચીત્ત) તેમાં મનમાં વિચારની સ્ફુર્ણા થાય છે અને તે ચીત્તની સાથે ચીતવન થઇ બુદ્ધિ સાથે મળતાં નિશ્ચય થાય છે પણ અહંકાર વિના કાર્ય સિદ્ધ થતું નથી. એટલે કે થએલો વિચાર નક્કી કર્યો પણ અમુક આમ કર્યા વીના તો નહિ ચાલે તેવો અહંભાવ થયા વીના કામ કરવામાં પ્રવર્ત થવાતું નથી તથા મારે આમ કરવું છે એવો ભાવ થાય ત્યારે દેહાદી ઇંદ્રીઓ કાર્યમાં પ્રવર્ત થાય છે માટે મનનો ઉપરી અહંકાર કહેવાય છે. પણ મન ચંચળ હોવાથી અંતઃકરણમાં

મન તે પ્રધાન ગણાય છે તથા બુદ્ધિ તે મનની સ્ત્રી ગણાય છે, એટલે કે જે જે કામ કરવામાં આવે છે તે મન અને બુદ્ધિવડે કરી કરવામાં આવે છે માટે બુદ્ધિ તે મનની સ્ત્રી કહી તેમજ તે બુદ્ધિના બે ભેદ. એક સુબુદ્ધિ ને બીજી કુબુદ્ધિ. સુબુદ્ધિ માતા ને મન પીતાથી નિર્વૃત્તિ ને કુબુદ્ધિ માતાથી પ્રવૃત્તિરૂપી બે તેની પુત્રીઓ થઇ. તે પ્રવૃત્તિ ને નિર્વૃત્તિ તે જીવની સ્ત્રીયું કહેવાય છે વળી તે પ્રવૃત્તિ ને નિવૃત્તિને મનની સાથે રહેવાનું કહેલું છે કારણ કે જીવાત્મા અક્રીય છે તથા મન તે પ્રવૃત્તિ ને નિવૃત્તિ યુક્ત રહ્યું છતું જીવાત્માની સત્તાવડે કાર્ય કરે છે અને વિવેક વિચાર વૈરાગ્ય ને સંતોષ તથા શાંતિ ભકિત દયા ને મૈત્રી વિગેરે નિવૃત્તિનાં બાળક એટલે વિચાર ને વૃત્તિઓ જાણવી તેમજ કામ, ક્રોધ, લોભ, મોહ, શોક ને ભય તથા આશા, તૃષ્ણા ને ઇરષા વિગેરે નિવૃત્તિનાં બાળક એટલે વિચાર ને વૃત્તિઓ જાણવી અને પ્રવૃત્તિ તેને આપણી જુવાની રૂપી જુવાની રહેલી છે તેથી બળીસ્ટ છે. એટલે કે આશા ને તૃષ્ણા યુકત ધારેલું કાર્ય કરવાને થએલી ઇચ્છા તે પાછી હઠાવી શકાતી નથી તેમજ વિશેષે કરી આપણે પ્રવૃત્તિ કાર્યમાં બહુ લાગી રહીએ છીએ માટે વિચાર કરીને પ્રવૃત્તિ કાર્યનો સંકોચ કરવો તથા નિવૃત્તિ કાર્યમાં પ્રવર્ત થવા પ્રયત્ન કરવો. તેમજ પ્રવૃત્તિ ને નિવૃત્તિ તથા તેનાં બાળકો તે વૃતિઓને વિચારો તે સર્વે જીવનાં સગા છે, તે એમ સમજવું કે મનને અનુસાર દેહાદી ઇંદ્રીઓ કાર્યમાં પ્રવર્ત થાય છે અને મન તે નિવૃત્તિ ને પ્રવૃત્તિને અનુસાર કાર્ય કરે છે. તથા તે મનને અનુસાર કરેલાં કર્મો તેનું ફળ જે સુખ ને દુઃખ તે જીવને ભોગવવું પડે છે. તેમજ જીવાત્માની સત્તાથી મનાદી અંતઃકરણ અને દેહાદી ઇંદ્રીઓ કાર્ય કરે છે માટે જીવનાં સગાં કહ્યાં અથવા નોકર કહીએ તો પણ યોગ્ય છે. કારણ

કે ખાવું પીવું વિગેરે કરેલા કામનો અનુભવ મનથીજ થાય છે. માટે મનના નોકર તે ઇંદ્રીઓ જાણવી. સુકીત કરવારૂપી નાણું તે દાન, પુણ્ય, તીર્થ કે ઇશ્વર ભજન કરેલું તેનું ફળ સ્વર્ગ ભોગવાય છે અને **क्षीणे पुण्ये मृत्यलोके विसन्ती** કેનાં પુણ્ય પુરૂ થઇ રહે એટલે પાછું પૃથ્વીને વિશે જન્મ લેવો પડે છે માટે જ્ઞાની પુરૂષે કર્મ કરવાં તે નીસ્કામ કરવાં પણ વહેવારીને તો સકામ કરવાં તેજ યોગ્ય છે. સંત મહાત્માઓની સેવા તથા ઇશ્વર ભજન કરવાનું સાધન આ મનુષ્ય દેહ ઉત્તમ છે. ઝાડ પહાડ કે પશુ પક્ષીના દેહવડે ઇશ્વરનું ભજન કરી શકાતું નથી માટે વિચાર્ કરીને બને તેટલું સુકીત કરી લેવું. કારણુ કે પોતાના હાથે કરેલું પોતાનેજ ભોગવવું પડે છે. માટે સુકીત કરવાં. પોતાના કર્તવ્ય કર્મનો પોતેજ ભોક્તા છે તેવું શ્રીમદ્-ભાગવતના એકાદશ સ્કંધમાં કૃષ્ણ ભગવાને ઉદ્ધવની પ્રત્યે કહેલું છે. તે વિશે વિવેચન દેહ કરતાં શરીર તે શરીરમાં જીવ એક છે તથા જીવો અનેક કહેવાય છે. તે એમ સમજવું કે જીવાત્મા (ઇશ્વર) સર્વે એકજ છે પણ દેહાદી જુદા ને દેહાદીકનાં કર્મ તે પણ જુદાં જુદાં હોવાથી તેમજ સંસ્કાર (માયા જે અજ્ઞાન તેનો સબંધ હોવા) ને લીધે જીવ જુદા જુદા કહેવામાં આવે છે તથા જે દેહમાં જે જીવ રહેલો હોય તેને તે દેહથી થયેલાં વા કરેલાં પાપ, પુણ્યરૂપી કર્મ તેને ભોગવવાં પડે છે. તેવું શાસ્ત્ર વચન છે. માટે સજ્જન પુરૂષોએ પહેલાં પોતાના આત્માનું શ્રેય કરવાનું કરવું. કારણુ કે મનુષ્ય દેહ મળ્યો છતાં દાન તીર્થ કે ઇશ્વર ભજન કરતો નથી. તે આત્મઘાતી કહેવાય છે. મનુષ્ય દેહવડે કરી સર્વ કાર્યની સિદ્ધિ મળે છે, અથવા સર્વ કાર્યના સાધન રૂપ છે પણ જો તેની સ્થીતીનો વિચાર કરીએ તો ક્ષણુભંગુર છે. માટે દેહની મુમતા રાખવી નહી. મનુષ્ય દેહ દેવને પણ

દુર્લભ કહેવાય છે. તો મનુષ્ય દેહવડે કરી પોતાનાથી બને તેટલું સુકીત કરી લેવું. એટલે કે ઉત્તમ દેહથી ઉત્તમ ગતી મળે તેવાં દાન તીર્થ ને ઇશ્વર સ્મર્ણ તથા ધર્મનાં જે કાર્યો તે કરવાં કે જેથી દેહ છુટયા પછે અધોગતી મળે નહીં. વળી માયા મહા પ્રબળ છે એટલે કે જો સંપત્ત મળે તો લોભપણું આવી જાય છે. માટે તે વિચાર કરવો કે લોભ થવાથી સુકીત કરી શકાતું નથી, ને તેથી કરી પરલોકમાં અધોગતી મળે છે માટે ઉત્તમ દેહથી ઉત્તમ ગતી મેળવવા કોસીશ કરો. જગત તે કેવળ મોહના જાળ જેવું છે. માટે લોભ થવું નહી તે વિશે.

છપ્પા.

જગત જાળ જંજાળ કાચી કાયા સહુ માયા,
સીદને થાવું લોભ કહો શું લઇને આયા;
પુર્વ પુણ્યથી મળે તેટલું ખાંતે ખાવું,
સમજીને સુકીત કરી કાંઇ લેતા જાવું;
સુત વિતને સંતાન તે મરતાં રહેશે વેગળે,
મણીશંકર શોધી જુવો, પાપ પુણ્ય સંગે પળે. ૧૧
અધમ કુળ અવતાર ભીખીને પેટ ભરે છે,
દેહ ભોગવે દુઃખ પારકી વેઠ કરે છે;
પુર્વ પુણ્યની નુન્ય રહી છે જુવો જેને,
વૈભવ નહી ઘરસુત્ર જુવો જન જગમાં તેને;
દુઃખ એ છે ફળ પાપનું, સુકીતથી સુખીયા થશો,
મણીલાલ કહે કર થકી, પુણ્ય કરી (લ્યો) સ્વર્ગ જશો. ૧૨

તથા ઇશ્વરનું સ્મર્ણ આપણે આપણા દુઃખનું નીવારણ કરવા માટે કરીયે છીએ પણ જો સ્થીર મન કરીને નિસ્કામપણેથી પ્રભુનું

ધ્યાન ધરવામાં આવે તો કોટાન કોટીગણું ફળ મળે પણ સુખ વેળાએ વહેવાર કામમાં ઇશ્વરનું ધ્યાન ધરી શકાતું નથી. તુલશીદાસે કહેલું છે કેઃ-

જ્યાં રામ ત્યાં કામ નહી, કામ ત્યાં નહી રામ;
તુલસી ધેનુ ના રહે રવી રજની એક ઠામ. ૧

માટે આઠ પહોર કામ કરવાનું છે પણ બે ઘડી કામને મુકીને રામનું સ્મરણું કરવું તે ગ્યોગ્ય છે અને દરેક કામ કરીએ તોજ થાય, કર્યા વીના થતું નથી. તેમજ ઇશ્વર ભજન (એટલે રામ નામની માળા ફેરવી.) તે કરીએ તો થાય, કર્યા વીના કાંઇ થતું નથી સંત મહાત્માઓ કહે છે કેઃ—

સુખ માંથે સલ્યા પડો, નામ હૃદય શેં જાય;
દુઃખનાં લેવું વારણાં, પળ પળ નામ જપાય. ૨

તથા આપણે પણ વિચાર કરો કે જ્યારે જ્યારે આપણે સાજા ને સ્ત્રી પુત્ર વીગેરે પણ સ્વસ્થ શરીરે હોય તેમજ પૈસો પણ જરા હોય તો સગાં વહાલાનું સનમાન કરવામાં તથા વહેવાર કામ જે ઘર ધંધો કરવામા વિશેષ લાગી રહેવાય છે. વળી કહ્યું છે કેઃ—

દુઃખમાં ભજે સહુ રામજી, સુખમાં ભજે ન કોઇ;
જો સુખમાં ભજે રામજી, તો દુઃખ કાયકુ હોઇ. ૩

માટે દાન પુણ્ય તીર્થ કે ઇશ્વિર ભજન કરવાની ઇચ્છા થાય તો તે પોતાનો દેહ સાજો તથા પૈસો તે સંપત્તી હાથ હોય તેવા સમયમાં કરી લેવું તેવું નિતીશાસ્ત્ર કહે છે તે વિષે.

છપ્પા.

દીર્ઘાયુષ ને સ્વસ્થ શરીરે હોય જુવાની,
હાથ પગ ને નેત્ર ઇંદ્રીઓ હોય ન [1]હાની;

[1] હાથ પગ ને આંખ્યો વીગેરે ઇંદ્રીઓ સાજી હોય તેવા સમયમાં

હરી સ્મર્ણ ને ધ્યાન તીરથ વ્રત ત્યારે કરવાં,
દાન દયા પરમાર્થ કામ ત્યારે આદરવાં;
પાછળથી કરવા કશું જાંખી રહેશો [1]જામનો,
ઘર બળતાં કુવો ખણે મણીલાલ કહે શું કામનો ૧૩
કરવું ધારો કાલ કરોને હેતે આજે,
કાળ કરીને કોપ શીર પર શત્રુ ગાજે;
જાણે સહુ જગમાંય એક દીન ધાટજ ઘડશે,
સુત વીતને ઘર કામ મેલીને મરવું પડશે;
પરમારથ કરો વાયદે પાછળ પરતાવો થશે,
મણીલાલ કહે પરલોકમાં પાપ પુણ્ય સંગે જશે. ૧૪

કાળ તે મૃત્યુકાળ આપણો વા સર્વે નામ તેનો નાશ કરનાર તે આપણા વા સહુ કોઇના ઉપર ઝપાટો દેઇ રહ્યો છે અને તેના ઝપાટામાંથી કોઇ નીસરી પણ શકતાં નથી તથા મરણ સમયનુ દુઃખ તેમજ વૃદ્ધાવસ્થાનું દુઃખ તે પણ સહુ નજરે જુવે છે છતા કાંઈ વિચાર કરતાં નથી કે આપણે પણ કોઇક દહાડો મરવું પડશે તો પોતાના શ્રેયાર્થે કર્તવ્ય કર્મ શું કરવું તે વિશેનો કાંઇ વિચાર કરતા નથી અને મોહરૂપી મદીરાનું પાન કરેલું હોવાથી ઘર ધંધાના કામમાં આયુષ્ય તે ચાલ્યું જાય છે. તેવું નિતીશાસ્ત્ર કહે છે તે વિષે.

છપ્પા.

ચીરંજીવ નહી કોઇ જગતમાં જે અવતરીયા,
હોય રંક કે રાય ભલે શીર છત્રજ ધરીયાં;
રહે ભલે ઘરમાંય કોઇ વગડે જઈ વાસો,

---

[1] દીવસની વાટ જુવે કે અમુક પુણ્યનો જોગ આવશે એટલે કરશું.

આયુષ ને સુકીત હશે તો સુખીયા થાશો;
ત્રાલુદ વાલુ કાઇ નથી ઇશ્વરે સહુ (ને) સરખાં ગણે,
મૃત્યુકાળ મુકે નહી મણીલાલ મુખે ભણે. ૧૫
સુર્ય ઉગીને નિત્ય ગીરી અસ્તાચળ કરતાં.
આયુષ ઓછું થાય કામ ઘર ધંધો કરતાં;
મોહ મદીરાપાન કરી સહુ ઘેલાં લોકો,
ફરે થઇ મદમસ્ત ધરે નહી દીલમાં ધોખો:
જન્મ મરણ જરા તણું દુઃખ સહુ નજરે જુવો,
મણીલાલ કહે શું કામનું મુંવે પોક મુકી [1]રૂવો. ૧૬

મુવાની પછવાડે લોકો રૂવે છે તેનો ભાવાર્થ પણ એમ જણાવે છે કે ઓહો કેતાં મનુષ્ય દેહ જેવો દેહ જેને મળ્યો છતાં દાન તીર્થ કે ઇશ્વર ભજનરૂપી સુકીત કાંઇ કર્યું નહી. તથા બૈરાં લોકો પરજીયા વખતે કહે છે કે હાય હાય કાંઇ ન માંણ્યો વળી ઉપર કહેવા પ્રમાણે એક અર્થ સાધ્યો નહી તેને તો શાસ્ત્ર પણ ધીક્કાર આપે છે. તથા ભેખ ધારી પુરૂષે વહેવારીનો સંગ કરવાથી યોગથી ભ્રષ્ટ થવાય છે. વિગેરે ધર્મમાં પોતે પોતાના નીયમસર નહી રહેવાથી હાની થાય છે. વળી કાળા નાગના ઝેર કરતાં સ્ત્રીના કટાક્ષનું ઝેર વિશેષ છે તેમજ સંસારમાં સ્ત્રી તે મગર જેવી છે તે પુરૂષ જો તેની ઝપટમાં આવે તો એક પળમાં હાવભાવ કરી ગળી જાય છે. એટલે કે પુરૂષને પોતાના તાબે કરી દે છે. એવી સ્ત્રીનાં ચરીત્ર કાંઇ જાણી શકાતાં નથી તેવું નીતી શાસ્ત્ર કહે છે તેને અનુસાર.

---

૧ મુવા પુંઠે રોવું તે નકામું છે.

છપ્પા.

મળ્યો મનુષ્ય અવતાર ધ્યાન હરીનું નવ ધરીયું,
લેવા (૫) સ્વર્ગનું સુખ દાન પણ કાંઇ નવ કરીયું;
સુખ મળે સંસાર વિષયનું કાંઇ નવ લીધુ,
એળે ઉંમર ખોઇ કામ તે વેઠજ કીધું;
એક એકથી અધમ છે તો પણ કરવાં ઠીક છે,
એક અર્થ સાધ્યો નહી મણીલાલ કહે તો ધીક છે. ૧૭

ભેખ ધર્યો વૈરાગ સંગ વનીતા જન જાશે,
હરી સ્મર્ણ કર્યું ધર્મ જરૂર ફળ તેનું થાશે;
મંદમતી પરધાન રાજમાં હાની કરશે,
નમ્રના વીણુની પ્રીત (ને) ગર્વ ગુણ સઘળા હરશે,
વનીતા[1] ગીત નીજ [2]જ્ઞાનને મધુપાન બુદ્ધિ હણે,
નિતીશાસ્ત્રથી સાંભળ્યું મણીલાલ મુખે ભણે. ૧૮

કોઇ સુરા સરદાર થઇ રણ માંહી ઝુઝે,
ભણે શાસ્ત્ર સિદ્ધાંત વાત કોઇ બેઠા (મન) બુઝે;
ધર્યું છત્ર નીજ શીશ હુકમ હાકેમ થઇ દાખે,
પુરણ કરીને પેર પ્રજાને કબજે રાખે;
બુદ્ધિ બળ ગુણવંત પણ આચરીત કોઇ નવ ફળે,
ભવ જળ માંહી ભાગની મગર પુરૂષ (ને) પળમાંહી ગળે. ૧૯

કાળો કરડે નાગ જગતમાં તે નર જીવે,
મળે વાદી કે વૈદ આવરદા તેની શીવે;
જોબનમાં ભરપુર રૂપમાં અંગ મરોડે,

---

૧ સંગાર રસનાં ગાયન. ૨ આત્મજ્ઞાનનો નાશ કરે છે.

શ્રૃંગાર ધર્યા નવ સાત વેણુ વાંકે અંબોડે;
કાળી નાગણુ કામની કટાક્ષ જો નરને કરે,
મુવો તે નર જીવતો મણીલાલ (કહે) કોઇ નવ કરે. ૨૦

(કેવી રીતે વર્તવું તે વિશે)

છપ્પો.

ભરણુ પોસણુ સંભાળ નિત્ય નિજ કુળ આદરવી,
પરજન ઉપર દયા પ્રીત સજ્જન શું કરવી;
પંડીત પાસે ન્યાય રાજમાં નીતી દાખો,
ગુરૂ ચરણુમાં ક્ષમા ધુત દારા શું રાખો;
બળ દાખો શત્રુકને દુરજનથી દુર જઇ વસો,
મણીલાલ કહે નર જગતમાં, પુરણુ માન તો પામશે. ૨૧

દાન તીર્થ કે ઇશ્વર સ્મર્ણુ કર્યા વીના પોતાનું વા આત્માનું શ્રેય કદાપી કાળે થવાનું નથી તે શાસ્ત્ર વચનથી સિદ્ધાંત છે માટે આશા તૃષ્ણા જેમ બને તેમ ઓછી કરવી અને વિવેક વિચાર તેમજ વૈરાગ્ય રાખવાથી ભક્તિ માર્ગમાં જોડાઇ જવાય છે. તે ભક્તિ માર્ગમાં જોડાઇ દાન તીર્થ કે ઇશ્વર ભજન કરેલું તે નીરર્થક જતું નથી. તે વિષે.

દોહો.

ભક્ત બીજ પલટે નહી, જો જુગ જાય અનંત;
ઉચ ઘરે અવતરે, આખર સંતકો સંત ૧

તેમજ પ્રેમ લક્ષણુવડે કરી ઇશ્વરનું સ્મર્ણુ કરવાથી અંતે ઇશ્વરના ચરણુકમળ (મોક્ષ ધામ) પમાય છે માટે વેદના ત્રણુ કાંડ તે જ્ઞાન ભક્તિ ને કર્મ એવે નામે પ્રસિદ્ધ છે, તે ત્રણે કાંડ તે જળનાં સ્થાનક રૂપ છે. વળી જ્ઞાન ભક્તિ કે કર્મ (રૂપી ઉપાય) વડે કરી

સત્ય વસ્તુ મળે છે માટે તે જ્ઞાન ભકિત ને કર્મમાં ઘણા એક ન્યુન્યાધીક માને છે પણ આ ઠેકાણે સમાન ભાવથી વર્ણન કરવામાં આવે છે. જેને તૃષ્ણા લાગે વા પોતાનું શ્રેય કરવાની ઇચ્છા થાય તે માણુસને પાણીના સ્થાનકે જાવું પડે એટલે કે જેને પોતાનું શ્રેય કરવું હોય તેણે જ્ઞાન ભક્તિ કે કર્મ તે એકાદ કરવું. જુવો જ્ઞાન માર્ગ તે તત્વોનું સાધન કરી આત્મ સ્વરૂપનું દરશન કરે. વા ભક્તિભાવથી ઇશ્વરને શરણ થાય તેમજ કર્મ તે યોગ માર્ગથી આત્માનું ધ્યાન કરે પણ વહેવારીને યોગ સાધન કરવું તે યોગ્ય નથી. તેમજ જ્ઞાન માર્ગ તે પણ બેધાડા ખડગ જેવો છે કારણ કે જ્ઞાન બે પ્રકારનું છે. એક વાચીક ને બીજું તે લક્ષ જ્ઞાન કહેવાય છે. વળી જ્ઞાનથી તરે છે, ને જ્ઞાનથી મરે પણ છે કહ્યું છે કે:-

જ્ઞાન કે પંથ કૃપાણકી ધારા, પરત ખગેશ લાગે ન બારા;
(વળી) જ્ઞાન અગમ પ્રત્યહુ અનેકા, સાધન કઠીન નમન કર્કા ટેકા.

કહેતાં જ્ઞાનમાર્ગ તે કઠીણ છે. તેમજ મન વે સ્થીર રહી શકે તેમ નથી. માટે ભક્તિમાર્ગ તે ઉત્તમ છે. વળી કુવો તળાવ ને સમુદ્ર રૂપી તે જ્ઞાન ભક્તિ ને કર્મ રહેલાં છે. તો જેને તૃષા લાગેલી છે તેને કુવો તળાવ કે સમુદ્રમાં જળ છે તેમાંથી એકાદનું પીવાથી તૃષા નિવૃત્ત થાય છે કાંઇ એવો નિયમ નથી કે કુવાનુંજ પીએ તો તૃષા મટે એટલે કે તે ત્રણ ઉપાયમાંથી એકાદ ઉપાય કરી સત્ય વસ્તુને જાણી લેવી. તેજ તે જ્ઞાન ભક્તિ કે કર્મરૂપી ઉપાય કરવાનું સાર્થક છે. તેવો ગીતાજીનો પણ સિદ્ધાંત છે કે જે કુવેથી અરથ સરે છે, તે તળાવથી પણ સરશે તેમાં મુખ્ય સમજવાનું એજ કે પોતાના હાથે ચુકીત કરી આત્માનું શ્રેય કરી લેવું. તથા સ્થીર મનવડે કરીને બને તો ઇશ્વરનું ધ્યાન ધરવું તેમજ કામ ક્રોધનો ત્યાગ કરી ઇંદ્રીઓનો

નીગ્રહ કરવો અને હૃદયમાં વૈરાગ્ય રાખવો કારણ કે વૈરાગ રાખવાથી નિવૃત્તિ માર્ગે ચડાય છે તેમજ દાન દયા ને ઇશ્વર ભજન તે નિવૃત્તિ વડે કરી શકાય છે

રામ ભક્તિસો મુક્તિ ગુસાઇ, અન ઇચ્છીત આવે વરી આઇ;
જીગીથલ બીનુ જલ રહી ન શકાઇ, કોટી ભાંતી કોઉ કરે ઉપાઇ.

કહેતાં ઇશ્વરને આધીન રહેવું ને તેનાજ નામનું સ્મર્ણ કરવાથી મુક્તિ મળે છે તથા આ કળીજુગમાં પણ એક રામ નામનું સ્મર્ણ કરવું તેજ યોગ્ય છે કારણ કે જપ તપ કે જોગ કળીજુગમાં બની શકતું નથી. તેવું નિતીશાસ્ત્રમાં યુગના ધર્મ વિશે કહેલું છે. (તે આગળ છપ્પામાં કહી ગયા છીએ.) પાને ૧૮ મે જુવો તથા જ્ઞાન અને યોગ માર્ગથી જે ગતી મળે છે તે ભક્તિ કરવાથી પણ મળે છે. જ્ઞાન ભક્તિ ને કર્મવડે કરી એકજ મોક્ષધામ મળે છે તેમજ તન મન ને ધનથી ઇશ્વરનું સ્મર્ણ કરવાથી પરમેશ્વરના ચરણકમળમાં વાસ થાય છે. મોક્ષધામ ને પરમેશ્વરનાં ચરણકમળ તે એકજ વસ્તુ છે કાંઇ જુદાં નથી માટે યુગના વર્તમાન પ્રમાણે વર્તવું એટલે કે ભક્તિ કરવી તે યોગ્ય છે ભક્તિ નવધા કહેલી છે પણ પ્રેમ લક્ષણાથી પરમેશ્વર પ્રસન્ન થાય છે. જ્ઞાન ભક્તિ ને કર્મ તેમાં અંતર નથી તેવું શ્રીમદ્ભાગવતમાં સ્કંધ ૧૧ અ. ૨૦ મે કહેલું છે. યોગમાર્ગનું સંક્ષેપ વિવેચન આ દેહનાં નવ છીદ્રરૂપી નવ દરવાજા છે. તે પોતાના મુખ અને નાશિકા દ્વારે આવતો ને જતો જે પ્રાણવાયુ જે ઠેકાણેથી ઉપડી બહાર આવી વીરામ લેછે ને પાછો અપાનરૂપ થઇ જે ઠેકાણે જઇ વીરામ પામે છે તે પ્રાણ અપાનની ગ્રંથી હૃદયમાં છે તે ઠેકાણે તથા બહાર નાશીકા દ્વારે આવે છે તેને મુખ બંધ કરી પદ્માસન વાળી

સવારમાં ૬ ૪ કે બે ઘડી રાત્રી હોય તે સમયમાં બેસવું ને બે નેત્રની એક નજરે કરી ભ્રગુટીના મધ્યમાં જોવું. તથા નાકના અગ્ર ભાગમાં પણ જોવું ને સ્થીર થએલી તે દ્રષ્ટી હૃદયમાં જે ઠેકાણે પ્રાણ અપાનની ગ્રંથી છે તે ઠેકાણે જોવું જેથી આત્મા ચૈતન્ય જે સ્વયં પ્રકાશરૂપ છે તે લખે કાળે દશ્યમાન થશે તેમજ ષટ ચક્રનું ધ્યાન તે પણ તેજ પ્રમાણે કરવાનું છે પણ તે વાર્તા યોગમાર્ગ વાળાને એટલે વૈરાગી પુરૂષને કામની છે. તેથી તે વિશેનું વિશેષ વિવેચન કર્યું નથી કારણ કે યોગમાર્ગની જે વાત છે તે ઉપર કહેવા પ્રમાણે નિત્યપ્રતી કરે તો સિદ્ધ થાય છે તેવું યોગશાસ્ત્રનું સિદ્ધાંત છે. માટે વહેવારી એટલે ગૃહસ્થાશ્રમી પુરૂષને દાન તીર્થ સંત મહાત્માઓની સેવા તથા અતીથીનો આદરસનમાન ને રક્ષણ કરવું તેમજ ઇશ્વરનું સ્મર્ણ કરવું તે યોગ્ય છે તથા ઉપર કહેવા પ્રમાણે કરવું વા કરવાની ઇચ્છા તે પણ નિવૃત્તિની વૃત્તિ શાંતિ હોય ત્યારેજ સુજે છે માટે કહ્યું છે કે શાંતિ કહે વળી કરવાનું ને કરેલાને જાણનાર તે પણ મન છે માટે મન ને શાંતિનો સંવાદ કહેવામાં આવ્યો છે. અને કહેલાં બોધ વચન હૃદયમાં ધારણ કરી દાન પુણ્ય તીર્થ કે ઇશ્વર ભજનરૂપી સતકર્મ કરવાં એજ મનુષ્ય દેહનું સાર્થક છે. તેવો ધર્મશાસ્ત્રનો સિદ્ધાંત છે.

જીવ ઇશ્વર ને બ્રહ્મ વિશે વિવેચન—દેહ જે શરીર તેમાં રહેલો વાસના યુક્ત મોહ ને મુમતા તથા માયા જે અજ્ઞાનવડે કરી બંધાએલો એવો જીવાત્મા (ચૈતન્ય) તે જીવ કહેવાય છે તે જીવ જેને આધારભુત સાક્ષી રાખી સકામ તે દાન તીર્થ કે ઇશ્વર ભજનરૂપી કર્મ કરી મારૂં સારૂં કરજે એમ જેને કહે છે તથા તે કર્મને અનુસાર ફળ આપનાર છે તે ઇશ્વર એવા નામે કહેવામાં આવે છે તેમજ

દેશકાળ ને વસ્તુથી પરીછેદ પામે નહી તેવો માયાથી જે પર પ્રકાશ રૂપ રહેલો તે બ્રહ્મ કહેવાય છે વળી જીવ ઇશ્વર ને બ્રહ્મ તે એકરૂપ છે પણુ કાર્ય ને કારણુના ભેદથી જુદા કહેવાય છે તથા જીવ ઇશ્વર ને બ્રહ્મ તેની એકતા સમજવાનું તે વેદાંત શાસ્ત્રને અનુસાર જીવ (અથવા આપણું મન) તેમાં રહેલી અહંભાવના તે દુર કરવી અને સંસારમાં કર્યને કારણુરૂપ થતો વહેવાર તે સ્વપ્ન તુલ્ય છે તેવો નિશ્ચય કરે અને કરેલા કર્મમાં રહેલી અહંભાવના તે નિવૃત્ત કરે તેમજ સર્વના અંતરમાં અંશરૂપે રહેલો તે મારૂં સ્વરૂપ છે અને હું છું તેજ સર્વના અંતરમાં વ્યાપી રહેલો છે તેવી દૃઢ ભાવના થાય ત્યારે જીવ ને ઇશ્વરનો ભેદ ટળી જાય છે. તેમજ સત્ય બ્રહ્મસ્વરૂપ તે ત્યારે જોવામાં આવે. દૃષ્ટાંત—જેમ મહા આકાશમાં ઘટાકાશ તથા મઠાકાશ થાય છે તે પુનઃ ઘટ વા મઠ નાશ પામતાં ઘટાકાશ વા મઠાકાશ મહાકાશમાં મળી જાય છે. તેમ સત્ય વસ્તુરૂપ જે બ્રહ્મ તેના ઇસારા રૂપે પુરૂષને પ્રકૃતી તે પુરૂષને પ્રકૃતીથી રચાએલો આ સંસાર તે સંસારમાં બ્રહ્મના અંશ નામે અંશ તે માયાના બંધનથી બંધાઇ જીવ કહેવાયો તે જીવ કરતાં વિશેષ અંશ તે ઇશ્વર કહેવાય છે. તથા જીવ તે માયા જે અજ્ઞાનથી મુક્ત થાય તેમજ કરેલા કર્મની વાસના તે નિવૃત્ત થાય તો ઇશ્વર કરતાં જે વિશેષ અંશ તે બ્રહ્મ તેને પામી જાય છે વા બ્રહ્મ રૂપ થઇ જાય છે પણુ જીવ તે કર્મનો સાક્ષી હોવાને લીધે તથા કર્મમાં થએલી જે અહંભાવના તેથી કરી જીવને જન્મ મરણુના ફેરા ખાવા પડે છે, માટે કહ્યું છે કેઃ—

मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः

કહેતાં મન એજ મનુષ્યને બંધન અને મોક્ષના કારણુરૂપ છે, માટે મનમાંથી અહંભાવના નિવૃત્ત કરવી તેજ મોક્ષનું સ્વરૂ છે એટલે

કે તત્વમસી તત્વમસી વાક્યમાં ત્રણ પદ છે. તે જીવ ઇશ્વર ને બ્રહ્મ સ્વરૂપની એકતા કરતાં તત્વમસી તે તું છે, તેનો ભાવ એમ સમજવો કે જે જીવ કહેવાય છે તે તું છે. ઇશ્વર તે તું, ને બ્રહ્મ તે તું છે એવી તત્વમસી વાક્યથી ભાવના જણાવી તે વેદાંત શાસ્ત્રને અનુસાર વિવેક ને વૈરાગ્ય યુક્ત વૃત્તિ પ્રમાણે કાર્ય કરવાથી ઇશ્વરના ચરણકમળ જે મોક્ષધામ તે મળે છે. સંત મહાત્માઓ કહે છે કે સંસારમાં કેવળ દુ:ખજ રહેલું છે.

जन्म दुःखं जरा दुःखं नित्य दुःखं पुनः पुनः ।
संसार सागरे दुःखं तस्माज्जाग्रहीजाग्रही: ॥ १ ॥

સ્પષ્ટાર્થ—તે માટે મોહરૂપી ધન તજીને જાગો ને સુખ લેવા ઇચ્છા હોય તો સુક્રીત કરો. તેમજ મળેલી સંપતીવડે પરોપકાર કરવો તેવું વ્યાસ ભગવાનનું વચન છે તે વિષે.

अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयं
परोपकराय पुण्याय पापंच पर पीडने ॥ २ ॥

સ્પષ્ટાર્થ—પારકાનું હીત કરવું તેજ પુણ્ય છે તથા (પોતાના) કે પારકા આત્માને દુ:ખ દેવું તેજ પાપ રહેલું છે. વળી મળવું તે પોતાના સુક્રીત અથવા નસીબ કે પ્રારબ્ધને આધીન છે તે દેશ રહો વા પરદેશ જાવો તેમજ દાતાર થઇ પુણ્ય કરો વા સોમ થાઓ તો પણ પોતાના હાથ તેટલુંજ રહેશે. દષ્ટાંત—એક ઘડો લઇ કુવો તળાવ કે ગંગાજીએ જઇ ભરો તો પણ તેમાં પાણી તો જેટલું પોતાનું હશે તેટલુંજ માશે. તેવું નિતીશાસ્ત્ર કહે છે. તથા આજ કાલ વર્તમાન સમયમાં પૈસાને માન છે તે પૈસાથી કેટલો ગુણ થાય

છે ને કેટલો અવગુણ થાય છે તથા પૈસા કરતાં વિદ્યારૂપી ધન ઉત્તમ છે તેવું નિતીશાસ્ત્રમાં કહેલું છે તેને અનુસાર છપ્પા કહેવામાં આવે છે.

વિધીએ લખીયા લેખ લલાટે તેવું ફળશે,
રહો ઘેર પરદેશ જઓ ત્યાં તેવું મળશે;
ખરચો પ્રીતે વીત નિત્ય પરમારથ કરવા,
દાતાર થાઓ કે લોભ વિત્ત ભંડારે ભરવા;
સંતોષ રાખી રૂદીયા વીશે, કરથી કાંઇ સુક્રીત કરો,
મણીલાલ કહે છે વિત્તનો શોક કરી શું ઉગરો. ૨૨

પૈસો જેની પાસ જગતમાં તે નર ડાહ્યો.
પૈસેથી કુળ ઉંચ રૂપાળો તે કહેવાયો;
પૈસે મળશે માન પુછવા સહુ કોઇ આવે,
પૈસો જેની પાસ બોલતાં તેને ફાવે;
વિત્ત થકી વહેવાર છે જુવો કારણ નહી કશું,
નિતી કહે મણીલાલ જે, વશુ વીના તે નર પશુ. ૨૩

વિત્તે વધશે વેર કેર પણ વિત્ત કરાવે,
સાત ખોટનો એક હોય પણ વિત્ત મરાવે;
વિત્ત કાજ વ્યભીચાર કરે કોઇ તસ્કર થાશે,
વિત્ત કાજ વઢવાડ કરે તો જીવડો જાશે;
વસુંધાને વીનતા વળી જર કજીયાનો છોકરો,
મણીલાલ કહે જર કારણે કઇને વાગી ઠોકરો. ૨૪

અધીક રૂપ ને ગુણ મળે વિદ્યાથી જગમાં,

વિદ્યા દૈવત વીર વીદેશે રહેશે વગમાં;
યશ સુખ મળશે માન રાજમાં તેનું થાશે,
ભણે ભાવથી કોઇ ગુરૂનો ગુરૂ કહેવાશે;
ભાઇ ભાગ માગે નહી તસ્કર લુટે નહી કશું,
મણીલાલ નીતી કહે, વિદ્યા વીણુ તે નરપશુ. ૨૫

સજ્જન અને દુરજનની પરીક્ષા તેની ચાલ ચલગત અને બોલવા ઉપરથી થાય છે. તથા મનુષ્ય દેહરૂપી એક ગાડી છે તેને ધર્મ માર્ગમાં ચલાવવી એટલે કે સુકૃત કરવાં તેમજ મનુષ્ય દેહ રે કરી ઇશ્વરનું ધ્યાન ધરી પોતે જન્મ મરણનો ફેરો ટાળવા સારૂં યત્ન કરે તેને ધન્ય છે. વળી ઉધમ સહુ કોઇ કરે છે પણ મળવું કીસમતને આધીન છે તેમજ પડતી દશામાં સુખ નહીં મળતાં દુઃખજ આવી પડે છે. તેનું ધર્મશાસ્ત્ર તથા નીતીશાસ્ત્ર કહે છે, તેને અનુસાર

છપ્પા.

નારી દુરજન વાસ ઠામ નીચે જઇ ઠરશે,
હશે હૃદયમાં રંગ સંગ તેવો તે કરશે;
સજ્જન ધુમ સમાન ગતી તે ઉર્ધ્વ કરે છે,
સજ્જન વૃક્ષ સમાન થઇને તાપ હરે છે;
ઉચ નીચ કે અધમ છે જાત ભાત જ્યારે પડે,
મણીલાલ મુખ પટ વીષે વચન બીબાં આવી અડે. ૨૬
ગાડી ગુણીયલ દેહ પગ પૈડાં પેરાવ્યાં,
અશ્વ અંતઃકરણ મન બુદ્ધિ ઠેરાવ્યાં;

હાંકે છે અહંકાર લગામો આશ ધરીને,
બેઠા છે મહીં શેઠ જીવ તે ઠીક કરીને;
ફરી સ્મર્ણ કરી હેત શું, જવા કર્યું મન ઘર ભણી,
મણીલાલ કહે જગતમાં ધન્ય કમાઇ તે તણી. ૨૭

જુવો જગતની માંય હળ હારે જોતરશે,
કોઇ મજુરી કામ અંગ આપેથી કરશે;
નોકર રાખી કામ કરે કોઇ ખાંતે બેઠે,
ખબર ખબાની માંય વાડીયો જ્યારે વેઠે;
વિધીએ લખીયું ભાલમાં વાંચ્છા વિણુ આવી મળે,
મણીલાલ કહે કહેવું કશું નીજ સુકીત નિશ્ચે ફળે. ૨૮

છેક ઉઘાડે શીશ પંથ દુઃખીઓ જન જાતો,
તપે ઉનાળો તાપ ટાલથી દુઃખીયો થાતો;
સુખ લઇ થાવા શાંત તાડને થડ જઈ બેઠો,
દુઃખ દશામાં સુખ મળે નહી જુવો નેઠો;
તાડેચું પડી તે સમે વાગી શીર તેને નડયું,
મણીલાલ કહે આવી મળે, ઘટ સંગે વીધીએ ઘડયું. ૨૯

તથા પુણ્યવાન પુરૂષને તો આ લોકમાં તથા પરલોકમાં (પુણ્ય કરવાથી) સુખજ મળે છે, તેમજ સુખ ને દુઃખ તે દેહના ધર્મ છે માટે મનમાં કાંઇ શોક કરવો નહી તથા હું અમુક કામ નહીં કરૂં તો શું ખાઇશ અથવા અમે શું કરશું તે વિશેની કોઇએ ચિંતા કરવી નહી કારણ કે વિશ્વના કરતા જે વિશ્વનાથ છે જેનું નામ વિશ્વંભર કહેવાય છે તે સૌને જેનું જેવું સુકીત અને જેને જેવું ઘટે તેવું આપે છે.

તેવું ભરણ પોષણ કરે છે તથા જગતના પીતા એવા જે વિશ્વનાથ તેમના કરતાં વિશેષ હેતવાળાં જગત જનુની જગતની મા એવાં અન્નપુરણા દેવી સૌનું ભરણ પોશણ કરે છે વળી પીતા કરતાં માતાનું હેત બાળક ઉપર વિશેષ હોય છે, (માટે માતાજી નામથી વ્યાખ્યા કરી છે.) તેમજ અન્ન તે દેહનો દેવ કહેવાય છે, તથા અન્ન તે જગતને પ્રાણરૂપ રહેલું છે તેવું (કળીજુગના) વર્તમાનમાં કહેલું છે તેને અનુસાર,

---

છપ્પા.

ભુખ્યા ઉઠે ભાઇ સરવ કોઇ જુવો નજરે,
જેવું લખ્યું લલાટ માજી આપે છે મજરે;
વળી રાખે નીતી ન્યાય રાયકુર દુખ ગમે છે,
શાક રોટલા સહુ લોક જગમાય જમે છે;
પુણ્ય વીનાનાં પ્રાણીઓ જગમાં માગણ થઇ ફરે,
મણિલાલ કહે અન્નપુરણા દેવી પેટ સહુનાં ભરે. ૩૦

અન્નદેહનો દેવ અન્નથી ભુખજ ભાગે,
અન્ન સમા છે પ્રાણ ઇંદ્રીઓ અનથી જાગે;
ખાવા માગે અન્ન રંક ને રાજા જેવા (તે),
(જો) ન મળે ખાવા અન્ન રંગ બદલાશે હેવા;
અન્નપૂર્ણા અન્ન આપજો દેવી દીલ દયા કરી,
મણીલાલ વંદન કરે માજી ચરણે શીર ધરી. ૩૧
બાળકન પયપાન ઉર ભરપુર કરાવે,

જગતજનુની માત પેટ પરીપુર્ણ ભરાવે;
ચાર પગાંને ચાર જળચર જળમાં રહે છે,
પંખી પાણી પીએ પડયો ક્ણુ વેણી લહે છે;
વિશ્વનાથ જગ તાત છે માત દેવી અન્નપૂર્ણા,
શોક તજી શરણે રહો, મણીલાલ માજી તણા. ૬૨

આદી દેવ ભગવાન રામ અવતાર ધરીને,
સીતા વચન પરમાણુ કર્યા વનવાસ કરીને;
મંદમતી દશ શીશ સીતાજી તેણે હરીયાં,
લઈ વંદરને રીંછ રામ પુંઠે પરવરીયા;
વિષ્ટિ કરના કારણે રામે દુત હંકારીઓ,
બંધ છોડાવ્યા દેવના રામે રાવણુ સંહારીઓ. ૬૩

કૃષ્ણુ ધર્યો અવતાર દેવકી તન્ન કહાવે,
વ્રજમાં કીધો વાસ રાસ ગોપી (ઓને) મન ભાવે;
પયનું કરતાં પાન પુતના (ને‌ા) પ્રાણુજ હરીઓ,
ઉતાર્યું ઇંદ્રનું માન ગીરી આંગળીએ ધરીઓ:
માર્યો મામા કંસને સાગર વાસ પધારીયા,
મણીલાલ પક્ષ પાંડવ તણી કરી કૌરવ સંહારીયા. ૬૪

કક્કો

(રાગ અખા છપયની ચાલ.)

કક્કા કરવાનું શું કામ મનુષ્ય દેહ ધરીને નામ,
દયા દીનતા દીલમાંહી ધરો કરથી કાંઇ સુકીત કરો;
રામ નામ તે લેવું નામ કક્કા કરવાનું એ કામ. ૧
ખખ્ખા ખોટો જકત વિલાસ કોઇ નરની નવ પહોંચી આશ,
દીસે સઘળું રંગ પતંગ સજ્જન તેનો ન કરે સંગ;
ગુરૂ સંતનો થાવું દાસ, ખખ્ખા ખોટો૦ ૨
ગગ્ગા નર તન ગુણ છે ઘણા વખાણ કરે સુર નર તે તણા,
ભાવ થકી હરી સ્મર્ણ કરે તે નર તો ભવસાગર તરે;
પુણ્ય કરી પુરંદર બણ્યા, ગગ્ગા નર તન ગુ૦ ૩
ઘધ્ધા ભાઇ શું કહેવું ઘણું નર તન મહાત્મ દેહરા તણું,
હૃદયાકાસે દીશે વાસ ચીત્ત દીવો કરવો પરકાશ;
દરશન થાશે દેવજ તણું, ઘધ્ધા ભાઇ શું૦ ૪
ઙ આપ વિચારી જુવો ઘર બળતાં નવ ખોદો કુવો,
વિચાર અવસર વીતી જશે પાછળથી પસ્તાવો થશે;
કાંઇ નવ માણ્યો કહેશે સુવો, ઙ આપ વિ૦ ૫
ચચ્ચા ચીત વીશય નવ ધરો કામજ્વર[1] તેનો દીકરો,
કામની દામની એકજ રંગ[2] દેહ ધર્મનો કરશે ભંગ;

---

૧ વિષયનું ધ્યાન કરવાથી કામ પ્રગટ થાય છે. ૨ તેમજ વિજળી પડવાથી માણસ જેમ મરી જાય છે તેવી રીતે (વૈરાગી) પુરૂષને સ્ત્રી (સંગ થવાથી) ધર્મ ભ્રષ્ટ કરે છે. વા થઇ જાય છે.

એવા મન્ન (માં) વિચારજ કરો, થચ્ચા ચીત૦ ૬
છછછા છળ બળ માયા કરી ગ્નાન દીપક બુઝાવે ખરી,
વૈરાગીને વૈભવ મળે ઇંદ્રીય દેવ મત ભેગો બળે;
(વિષય) પવન પસારે દ્વારે ફરી, છછછા છળ બળ૦ ૭

જજજા જેને લાધિ મણી રામ સ્મર્ણ હરી ભક્તિ તણી,
સ્થીર મન્ન થાશે વૈરાગ (તો) પવન તણો નહિ લાગે લાગ;
મોહ ફાંસી તુટે તે તણી, જજજા જેને લા૦ ૮

ઝઝઝા ઝગહળ જોત પ્રકાશ પુરણબ્રહ્મ તે દીશે પાસ,
રૂપ ગુણ તે કહેવું કશું મુગે સાકર મનમાં વસ્યું;
બાહ્યાભ્યંતર તેનો વાસ, ઝઝઝા ઝળ૦ ૯

ઇઆં ઇઆંની કોઇ પહોંચે પાસ ફરી તે નાવે ગર્ભ વાસ,
કીધે અર્થ સરે નહી કશો વિચારથી વિવેકી થશો;
(માટે) નિત્ય નિજ મન કરવો કયાસ, ઇઆંની કોઇ૦ ૧૦

ટટા ટેક ધરીને નીત સંધ્યા કરવી રૂડી રીત,
સેવા કરવી શીવજી તણી તન મન ધનથી જેવી બણી;
વેદ કહે દ્વીજ કુળની રીત, ટટા ટેક ધરી૦ ૧૧

ઠઠા કરવું તે તો ઠીક જવું વિદેશે લાગે બીક,
દાન તીર્થ હરી સ્મર્ણ કરે ધર્મ જીવ સંગે પરવરે;
ન કરે કાંઇ તે નરને ધીક, ઠઠા કરવું૦ ૧૨

ડડા ડાપણ તારૂ કશું માન મોટાઇ મનમાં વસ્યું,
મૃત્યુકાળ આવીને નડે સુત વીત મેલી મરવું પડે;
ફોગટ ફેરો આરો હસુ, ડડા ડાપણ તા૦ ૧૩

ઢઢ્ઢા ઢાંકયો વાદળ સુર મોહ તમ બ્યાપ્યું ભરપુર,
સદગુરૂ સંત કૃપા જો કરે મંદમતી વાદળ વિખરે;
(તો) ગ્નાન અર્કનુ વાધે નુર, ઢઢ્ઢા ઢાંકયો વા૦ ૧૪

રેણ્ણા રણુકારો બહુ થાય છત્રીશ બાજાં તે સમજાય,
જતો આવતો બોલે બોલ શબ્દ સોહંગે કરવો તોલ;
ખટવીશ એક તે ખાતો જાય, રેણ્ણા રણુકારો૦ ૧૫

તત્તા તેમાં સરશે અર્થ સમજણ્ ગાંઠે જેવો ગરથ,
વચન વિચારો પડશે સુજ ગુરૂચર્ણ શરણ જે બુઝ;
કઠણ કામ નવ બેસે ગરથ, તત્તા તેમાં૦ ૧૬

થથ્થા સ્થીર કરોને મન અન્ન જળ આપે જગજીવન,
વસ્ત્રભુષણ ભેળાં ખરાં જેને જેવાં સુકીત કર્યા;
આવી મળશે નીજ ભુવન્ન, થથ્થા સ્થીર કરો૦ ૧૭

દદ્દા દીન દયાળુ દેવ કરવી નીત્ય હરીની સેવ,
આ જુગમાં તો એવું કહ્યું સજ્જનને તે રૂદીએ રહ્યું;
જોબન ધનનો તજો અહમેવ, દદ્દા દીન દ૦ ૧૮

ધદ્ધા ધણી વીનાનું ઢોર વાડો વાઢી કહાવે ચોર,
ધર્મ રીતી રૂદીએ નવ ધરે ગુરૂ ચર્ણ સેવા નવ કરે;
ગર્વ ધરે નર કરશે જોર (તે) ધદ્ધા ધણી૦ ૧૯

નન્ના જે દઢ નીયમ ધરે મન ઇંદ્રીઓ વશ્ય તે કરે,
સિદ્ધાસન દઢ ધરશે ધીર પીએ ત્રવેણી ગંગા નીર;
સિદ્ધ કહાવે કારજ સરે, નન્ના જે દઢ નીય૦ ૨૦

પપ્પા પૂરણ પ્રેમે કરે જેનું મન જેમાં જૈ ઠરે,

જોગ સાધવા જોગી (નું) કામ ભાવે ભક્તો ગાશે રામ,
ગાયત્રી જપ દ્વીજને ઠરે, પપ્પા પુગ્ણ પ્રે૦ ૨૧

કક્કા કોગટ કરતું કશું આવ્યા લાભ લેવા કાંઇ હશુ,
નર તન સાધન સરવે સાર વિવેક વસ્તુ અપરંપાર,
લઇ દઇ વસ્તુ મેળો વશુ, કક્કા કોગટ૦ ૨૨.

બબ્બા બેઠાં પંખી ડાળ કાયા વૃક્ષે ઘાલી માળ,
કરે છે એક સ્વરૂપે ભોગ બીજો બેઠો સાત્ત્વે જોગ
જુવે તે શીર નવ લે આળ, બબ્બા બેઠાં૦ ૨૩

ભભ્ભા ભવની તરવા કાજ જે કરવું તે કરવું આજ,
અનજળ વસ્ત્ર કેક દાન કરવું સંતતણું સનમાન;
તનમન ધન અરપે કોઇ રાજ, ભભ્ભા ભવની૦ ૨૪

મમ્મા મારૂ તારૂ મટે લવણુ પુતળી જળમાં ઘટે,
પંખી બેનાં થાશે એક એક રૂપ તે દીસે અનેક,
અનેક એક મનમાંહી ઘટે, મમ્મા મારૂ તારૂ૦ ૨૫

ય–જજ્જા એ જોખમનું કામ આશા ડુંગરવાસે ઠામ,
(મોહ) અરણ્ય પંથે નર ચડે વિષય તસ્કર તેને નડે;
પુણ્ય પડાવી લેશે દામ, જજ્જા એ જો૦ ૨૬

રરા રેખ કર્મની ટળે, રામ કૃપા ઇચ્છીત વર મળે,
રામ નામ છે જુગ જાણુ નામ કળી (માં) કરે કલ્યાણુ;
દાન કર્મ સહસ્રગણું ફળે, રરા રેખ કર્મ૦ ૨૭

લલા લીલા ઇશ્વર તણી જગકરતા જગજીવન ધણી,
રાખે એટલે રહેવું પડે શોક કરી શીદ નેત્ર નડે;
સમજી લ્યો સીખામણુ ભણી, લલા લીલા૦ ૨૮

વચ્ચા વિધિ ધાટજ ઘડે કર્મ ચાકડે આવી અડે,
ઉંચ નીચને અધોગતી સમજીને કરવી સુકૃતી;
નીરકામી નીજ ધામે અડે, વચ્ચા વિધિ૦ ૨૯

શસ્ત્રા શબ્દ ત્રણે ખરા બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર,
ગુણ કાર્યથી જુદા થયા ભાવે ભકતો પૂજી રહ્યા;
ત્રીગુણ માયા (તેમાં) દીઠો જરા શસ્ત્રા શબ્દ૦ ૩૦

હરીનું સ્મર્ણ કરવું એક તન મન ધનથી રાખી ટેક,
પુજાથી મનવાંચ્છિત મળે તાપ ત્રીવધ તે પણ ટળે;
મણીલાલની સમજણ છેક, હરીનું૦ ૩૧



શ્લોકો.

(વરઘોડામાં બોલે છે તે)

રૂક્ષ્મણીના વિવાહ વિષેના.

સરસ્વતી માતા તમ પાએ લાગું, એવા શ્લોકો વરદાને માગું: પરથમ પુજીએ તે (ટેક;) પરથમ પુજીએ તે શિવ ગણેશ, માતા ઉમીયાને શંભુ ઉપદેશ બેઉ કરજોડીને. ૨ બેઉ (૨) નમાવું શીશ, મંગળ મુખોને લક્ષણ બત્રીશ; કુંતલપુર નગરીમાં. ૩ કુંત૦ (૨) ભેમકરાય તેના ઘરે છે મોટી કન્યાય; પુછયા વીના તે. ૪ પુછયા૦ (૨) તે સાજન કેમ થાય, માત પીતાને બાંધવ ત્યાંય; મળી પરીઆણાં. ૫ મળી૦ બેઠાં છે ત્યાંઇ, વરની ઇચ્છામાં રૂક્ષ્મણી બાઇ; નારદ મુનીને. ૬ નાર૦ ને ખબરૂં થાય, તેડયા રૂખજીએ હરખ્યા ત્યાંય; પાટે બેસારી૦ ૭ પા૦ બહુ માન દીધાં, ચર્ણુ ધોઇ ચર્ણામૃત લીધાં; ત્રણે ભવનમાં. ૮ ત્ર૦ માં કરતો પરવેશ, અવર જોઇને દેતો ઉપદેશ; દ્વારકાં નગરીમાં. ૯ દ૦ દેવ મોરારી, જાદવના કુળમાં કૃષ્ણ કીરતારી; જેની લીલાનો. ૧૦ જે૦ પાર ન જાણું, સુરનર મુનીવર સઉ પરમાણું વેદ પુરાણે. ૧૧ વે૦ બ્રહ્મા વખાણે, સ્વર્ગ પાતાળના દેવતા જાણી; દરશન કારણીએ. ૧૨ દ૦ ભમે છે દેવો, અમને પુછો તો કહીએ વર તેવો; નીકર તમારાં. ૧૩ ની૦ દીલડાં રીઝે, ભણે ભેમક તે વાર ન કીજે; લખી લગનને. ૧૪ લ૦ તીથી પરમાણો, એટલે રૂખમૈઓ રોશે ભરાણો; ઘરડા પીતાજી. ૧૫ ઘ૦

કરશો નહી મત, થયા ઘરડા ને ગઈ છે ગત; રૂખજી (એ) તેડયાતા. ૧૬ રૂ૦ સારાને માટે, અમને બતાવી ઉજડ વાટે; વનરાવન કેરી. ૧૭ વ૦ વેઠંતો ઝાડ, ભરી અવનીમાં ખોળ્યો ભરવાડ; અને જે દાહાડે. ૧૮ અ૦ એનો જન્મજ હુવો, માતા પીતાથી પડીઓ છે જુવો; નંદને આંગણીએ. ૧૯ નંદને૦ ચારંતો ગાય, પરાણે જશોદાને કીધાં માય; મૈયારી કેરાં. ૨૦ મૈ૦ માંખણ ખાતો, ગાંધર્વ સંગાથે ગાવાને જાતો; દહી મહીનાં. ૨૧ દ૦ લેતો એ દાણ, પ્રાણે સોશ્યાતા માસીના પ્રાણ; માર્યો મથુરામાં. ૨૨ મા૦ મામો તે કંસ, સદાય ગોઝારો જાદવનો વંશ; તાં કેમ દીજીએ. ૨૩ તાં૦ રૂક્ષમણી બાઇ, કુળ આપણે આઘ વડાઇ; દેવ કન્યા તે૦ ૨૪ દે૦ તાં કેમ દઇએ સરખા સમુરતા કોઇ ખંડ ના લઇએ; ભુપકની તોલે. ૨૫ ભુ૦ નાવે ભોપાળ દેસુંડાવળ કે શીશુપાળ; પીતાજી કેરાં. ૨૬ પી૦ વચન ઠેલ્યાં, લખી લગનને રૂખમૈએ મેલ્યાં; વિપ્ર ચલાવ્યા. ૨૭ વિ૦ વારમવાર, જઈ પોક્યા છે નગર મોઝાર; મળી સાહેલી. ૨૮ મ૦ મંગળ ગાય, અંગે ઉલટ ને હરખ ન માય; જરાસન સરખા તે. ૨૯ જ૦ જોધા પરધાન, મેલી કંકોતરી મેળી છે જાન; દેશો દેશાંના. ૩૦ દે૦ ભુપતી આવે, મોટા રાજાને સાર મનાવે, મોડ બંધાને. ૩૧ મો૦ કોણ કોણ ભુપ, કુંવરમાં કુંવર કારણ રૂપ; ઢોલ ધધામાં. ૩૨ ઢો૦ વાગે નીશાન, જુગતે જોતાં તે ચલાવી જાન; એંડળ ગેંડળનો. ૩૩ એ૦ પાર ન જાણું, જાન મળી છે ક્ષેણી પંચાણું; સરખા સમુરતા. ૩૪ સ૦ શણગાર સાજે, શીર છત્ર ને મુગટ રાજે; ઉતરી વીપ્ર તે. ૩૫ ઉ૦ આસણ ચાલે, જવારનાં કાગળ જોતાં શ્રીફળ આલે; કેજો કુંવરને. ૩૬ કે૦ કાગળ વંચાવે, સામૈયા કરી સામમી લઇને આવે; એટલે રૂખમૈએ૦ ૩૭ એ૦ ઘોરી સણગાર્યા, રથડા જોડીને સામે હંકાર્યા; ગજાને

પ્રાએ. ૩૮ મ૦ સુધરા વાગે, આગળ ચાલે તે શ્રીફળ માગે; કરી સામૈઆ. ૩૯ ક૦ વળ્યા છે રાય, ફુલવાડીએ ઉતારા થાય; બેઠાં માળીએ. ૪૦ બે૦ રૂક્ષ્મણીબાઇ, સરખી સાહેલી કહે છે આઇ. ધનરે રૂક્ષ્મણી. ૪૧ ધ૦ તારૂં જ રૂપ, એવો કોઇ નથી ડાવળમાં ભુપ; રોબડ મુખો જો. ૪૨ રો૦ દીશ રીશાળો, કરડી નજરનો અતી ઘણો કાળો; ગળગળાં થઇને. ૪૩ ગ૦ બોલ્યાં રૂક્ષ્મણી વાણ્ય, ફટરે રૂખમૈઆ બંધવ જાણુ; પરણું પરભુ કે. ૪૪ પ૦ તજું હું પ્રાણુ, સાંભળ સાહેલી કહું છું જાણ; નહી વરૂ તે. ૪૫ ન૦ વાદરનું શીશ, લગન આડા છે પહોર ચોવીશ; બડસડ ધડાને. ૪૬ બ૦ દીવસ ત્રણ, વીત્યા સાથે વીધીએ લખ્યું છે મર્ણ; સાહેલાં સાથે. ૪૭ સા૦ કુંવરી કહાવે, છાના વીપ્ર તે બાઇ તેડાવે; કહે વીપ્ર તે. કહે૦ સાંભળ બાઇ અંટકો કુંવર તારો જે ભાઇ; અને જો જાણે તો. ૪૮ અને૦ જીવતાં પાડે ખાલ, એવા થાશે હરિ ભટના હાલ; લોભ વીના તે. ૪૯ લો૦ લક્ષણુ કેમ જનાય, આપો દ્રવ્ય તો કરીએ સહાય; થાળ ભરીને. ૫૦ થા૦ મુક્તાફળ આપ્યાં, વીપ્રનાં દાળીદ્ર કુંવરિએ કાપ્યાં; મેલ્યાં દ્રવ્ય તે. ૫૧ મે૦ મંદીર માંહી, લખો કાગળને જાશું અમો તાંહી; હરીને મુખામુખ. ૫૨ હ૦ જઇને કહેશું, લખો કાગળ તે તેમને દેશું; લઇ લેખણુને. ૫૩ લ૦ કાગળ સાઇ, વિનતી કરે છે રૂક્ષ્મણીબાઇ; પહેલે અવતારે. ૫૪ ૫૦ મચ્છા અવતાર, વેદ વાળ્યાતા બ્રહ્માના ચાર, બીજે અવતારે. ૫૫ બી૦ કચ્છપ રૂપ ધરીયું, પાયું અમૃત ને દેવોનું કારજ સરીયું; ત્રીજે અવતારે. ૫૬ ત્રી૦ વરાહ રૂપ, પૃથ્વી જાતી તે રાખી આ ભુપ; ચોથે અવતારે. ૫૭ ચો૦ નરસીંહ રૂપ, માર્યો હીર્ણાક્ષ સરખો તે ભુપ; અવતાર પાંચમે. ૫૮ અ૦ વામન રૂપ, બળીને

ચાંપ્યા છે પાતાળે ભુપ; છઠ્ઠે અવતારે. ૫૯ છ૦ ફરશીને ધારી, ક્ષત્રીકુળ નાંખ્યાં કેક સંહારી; અવતાર સાતને. ૬૦ અ૦ રામા અવતાર, રાવણ કુળનો કીધો સંહાર; અવતાર આઠમે ૬૧ અ૦ કૃષ્ણ કીરતારી, રહ્યા વ્રજમાં તે ગોવર્ધનધારી; રાસ ક્રીડાને. ૬૨ રા૦ કહેતાં પાર ના પામું. કરી કીરપાને કૃષ્ણ જુવો મુજ સામું; આગળા કેરો તે. ૬૩ અ૦ વિનતી ઉર ધરજો, આવી વહેલા ને પાણી ગૃહણ કરજો; કહે છે રૂક્ષમણી. ૬૪ ક૦ વહેલેરા વળજો, કુશળ પત્રે જઇ કૃષ્ણને મળજો, વાડવજીએ તે. ૬૫ વા૦ કર્યું પેરીઆણ, જઇ દ્વારીકાં કર્યું છે ત્તાણુ; જાદવપતી અંતે. ૬૬ જા૦ જાણું! સહુ પેર, વાંચી કાગળને આવ્યા આનંદભેર; મોટા મોટાનાં. ૬૭ મો૦ માન ઉતારી, પોને પરણ્યા તે દેવમોરારી; એવી લીલા તે. ૬૮ એ૦ કહેતાં આવે નહી પાર, ધર્યો અવતાર તે હરવા ભુમીનો ભાર; કૃષ્ણ પ્રભુ તે. ૬૯ કૃ૦ ગયા નીજ ધામ, તજી દેહને ધરાવ્યું નામ; નવમે અવતારે. ૭૦ ન૦ બુદ્ધ ભગવાન, થયા દ્વાપરને અંતે પરધાન; કીધો કળીજુગે. ૭૧ કી૦ અદકેરો કોપ, ધર્મ કર્મ તે કીધાં સહુ લોપ; પૂરણ પાપમાં લોકો સહુ પેઠાં, કાને કર દઇ બુધજી બેઠા; દશમે અવતારે. ૭૩ દ૦ નકળંકી થાશે, ભાવે ભકતો તે ગુણ સહુ ગાશે; શ્રોતા વકતાને. ૭૪ શ્રો૦ વાંચ્છીત ફળ મળશે, દુઃખજન્મને મરણ ટળશે; પરથમ પુજીએ તે. ૭૫

કોઇને લાગે દુઃખ સુખ હાંસી કોઇ કરશે,
વાંચી પત્ર વિવેક વાત કોઇને ઉર ઠરશે;
મૂજ મતી અનુસાર વાત મુખ એવી ભાખી,
સજ્જન સુણશે નિત્ય પ્રીત હૃદીયામાં રાખી;
સ્વધર્મ ને નિત્યકર્મનો છે એતો પર બોધરે,
મણીલાલની વીનતી સુણી ન કરો કોઇ ક્રોધરે. ૩૫

ઘાટ ઘડાતાં ઘણા જુવે ને સિર ધરે છે,
ભૂષણ થઇ જગમાંય પારકું હીન કરે છે;
સજ્જન કવિ પંડીત કનક સમ તેને જાણો,
ઇશ્વિર ઇચ્છા એક પત્ર નીતીબોધ લખાણો;
પાઠ પીંગળ જાણું નહી લઘુ દીર્ઘની જાતરે,
મણીલાલ મુખથી કહે સુધારજો કવી ભ્રાતરે. ૩૨

ઇતિ દ્વિવેદી મણીશંકર ભાઇશંકર કૃત **નિતીબોધ પત્ર સમાપ્ત.**

સંવત ૧૯૭૫ ના કારતીક સુદી ૧૫ સોમ.

ગ્રંથ સમાપ્ત વિશે સ્તુતિ.

રાગ કલ્યાણ.

સહુનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સહુનું કરો કલ્યાણ. ટેક.
મોહ જાળમાં સહુ કોઇ પડીયાં, ઉગારો આપ નીરવાણ. દયાળુ. ૧
કાપો કુબુદ્ધિ કૃપા કરીને, દેજો રામ નામ જપવા જાણ. દયાળુ. ૨
સ્વજાતી ધર્મપર પ્રીતી દેજો, સંપત્તી હોય જાણ. દયાળુ. ૩
સેવક સદાયે ભક્તિ માગે, આપી રાખો સરણ સુજાણ. દયાળુ. ૪
સંપુટકર કરી કરૂં વીનતી, ગ્રંથ પુરણ પરમાણ. દયાળુ. ૫

સમાપ્ત.